ગદ્ય વિભાગ

# ૧ વૃદ્ધો : આપણો વારસો

સ્વ. નટુભાઈ ઠક્કર 'યાત્રિક'

**નટુભાઈ ઠક્કર :** 'યાત્રિક' ના તખલ્લુસ ધરાવતા સમાજમાં સ્થાન પામેલા નટુભાઈએ એક વર્તમાનપત્રમાં 'લીમડાની એક ડાળ મીઠી' નામની કટાર દ્વારા માનવમનની માવજત કરતાં અનેક લખાણો લખ્યાં છે. તેમનું પુસ્તક 'ફૂલડે ફૂલડે ફોરમ' માનવને માનવ બનવાની પ્રેરણા આપે છે. તો 'ઉજાસનો ઉત્સવ' પુસ્તકમાં મૂલ્યનિષ્ઠાના દીપકને પ્રજ્વલિત રાખતા સત્યપ્રસંગો આલેખાયેલા છે. તેમાંનો જ એક માર્મિક પ્રસંગ અહીં લેવામાં આવ્યો છે.

પ્રસ્તુત કૃતિ જાપાનની એક સામાજિક લોકકથા છે. જાપાનના રાજાએ વૃદ્ધોને પહાડમાં મૂકી આવવાનો કડક કાયદો બનાવ્યો હતો. તેનું ઉલ્લંઘન કરનારને મૃત્યુદંડ જેવી આકરી સજા કરવામાં આવતી. તેમ છતાં આવા કડક કાયદાનું ઉલ્લંઘન કરી યુવાન પુત્રએ પિતાને કેવી રીતે બચાવ્યા અને 'ઘરડાં ગાડાં વાળે' આ કહેવતને સિદ્ધ કરી બતાવી તેનું નિરૂપણ કરેલ છે. સમાજમાં પરિવર્તન લાવવામાં યુવાનોની ક્ષમતાનું અહીં ઉલ્લેખનીય ઉદાહરણ છે.

---

જાપાનની એક લોકકથા. એક જમાનામાં રાજાએ એવો કાયદો કર્યો કે મા-બાપ જ્યારે બુઢ્ઢા થઈ જાય અને કોઈ પણ કામ કરવા માટે સક્ષમ ના રહે ત્યારે એમને દૂરના પહાડોમાં લઈ જઈ છોડી દેવાનાં...

કાયદો કડક. વૃદ્ધોને નાખી આવો. યુવાન પુત્રોની એ જવાબદારી. એટલે દેશમાં કોઈ વૃદ્ધ જ દેખાય નહીં. જે લોકો આ કાયદાનું ઉલ્લંઘન કરે એમને મૃત્યુદંડ જેવી આકરી સજા. એટલે સૌ પોતાનાં મા-બાપ વૃદ્ધ થતાં એમને પહાડો ઉપર કે જંગલોમાં મૂકી આવતાં. એક યુવાનને પિતા પ્રત્યે ખૂબ જ પ્રેમ. જ્યારે પિતા વૃદ્ધ થયા ત્યારે એને પણ એમને જંગલમાં છોડી આવવાની આજ્ઞા મળી.

ભારે હૈયે અને અશ્રુભરી આંખે એણે બાપને ખભે ઉપાડ્યા ને નીકળી પડ્યો પહાડોમાં, બાપને મૂકી આવવા. બાપને પીઠ ઉપર ઉપાડીને જતો હતો ત્યારે ખભા પર બેઠેલા વૃદ્ધ બાપ વિચારતા હતા કે, બિહામણા જંગલમાં રખેને મારો દીકરો ભૂલો પડે તો? એટલે એણે ખભે બેઠાં... બેઠાં... કૂણાંકૂણાં વૃક્ષોની ડાળખીઓ રસ્તામાં નાખવા માંડી જેથી કરીને દીકરો પાછો ફરે ત્યારે રસ્તો ભૂલી ન જાય.

ભાવિક પિતા : ભાવુક પુત્ર.

કાયદાના જડબંધન.

આકરી લાચારી. બંનેની આંખમાં આંસુ. પુત્રે પિતાને તકલીફ ના પડે એવી જગ્યા પસંદ કરી. પાંદડાંની પથારી પાથરી બેસાડ્યા અને રડતી આંખે વિદાય માગી. વિદાય લેતા પુત્રને પિતાએ નજીકના વૃક્ષની ડાળી બતાવી કહ્યું : ' વત્સ, આ ડાળખી ઓળખી લે... રસ્તામાં એની એંધાણીએ ચાલ્યો જજે. તું ભૂલો ન પડે માટે રસ્તામાં આવી એંધાણીઓ મેં ઠેકઠેકાણે નાખી છે.' પિતાનું આવું વાત્સલ્ય, પોતાના તરફ આવી ચિંતા, હેતાળ દીકરાના હૈયાને હચમચાવી ગઈ.



આવા અડાબીડ જંગલમાં બાપને મૂકીને આવવા હૈયું તૈયાર ના થયું ને કાયદાની પરવા કર્યા વિના એણે તો ફરીથી બાપને ઊંચકી લીધા ને છાનામાના ઘરના વાડામાં વૃક્ષોની ઘટા વચ્ચે નાનકડી ઝૂંપડી બનાવી તેમાં રાખ્યા કે જ્યાંથી કોઈ જોઈ જ ન શકે.

દીકરો રોજ પિતાને ખાવાનું આપી આવતો ને એમ દિવસો શાંતિથી પસાર થતા હતા.

રાજા હતો ધૂની મગજનો. એના મનમાં એક વિચાર જાગ્યો. સરસ રંધો મારેલી સુંવાળી લાકડાની દાંડી બનાવી રાજાએ નગરજનોને પૂછાવ્યું... 'આમાં ક્યો ભાગ મૂળ તરફનો અને ક્યો ભાગ ટોચનો?'

પ્રજા મૂંઝાઈ પણ પેલા પુત્રને પિતાએ મદદ કરી કહ્યું : 'એ ટુકડાને પહોળા પાણીના તપેલામાં મૂક... જે ભાગ પાણી તરફ નમે એ મૂળ ને ઉપર રહે તે ટોચ.' રાજા ખુશ થયા.

પણ ફરી એક વખત રાજાને નવો તુક્કો સૂઝ્યો. 'વગાડ્યા વિના જાતે વાગે એવું ઢોલ બની શકે?' પેલો પુત્ર મૂંઝાયો. પણ પિતાએ ઉકેલ બતાવ્યોઃ 'આ તો સાવ સરળ છે. જા બજારમાં જઈને ચામડું લઈ આવ. પહાડમાં જઈ મધપૂડો લાવ...' બાપે ઢોલની ગોળાઈમાં વચ્ચે મધપૂડો મૂકીને બેઉ બાજુ ચામડું મઢી લીધું. રાજાએ જેવું ઢોલને આમતેમ ફેરવીને જોયું કે અંદરની મધમાખીઓનો બણબણાટ બેઉ બાજુના ચામડાને સ્પર્શતો ગુંજી ઊઠયો. રાજા પ્રસન્ન થયો.

ધીમે રહીને એણે યુવાનને આવા અઘરા કોયડાના ઉકેલો તે કઈ રીતે શોધી લાવે છે તે જણાવવા કહ્યું. ત્યારે પુત્રે સહેજ પણ ગભરાયા વગર સાચેસાચી વાત કહી : 'ઉંમરના આરે પહોંચેલા લાગણીસભર મારા પિતાને હું જંગલમાં છોડીને આવી શક્યો નહીં. મેં એમને મારા ઘરના વાડામાં નાની ઝૂંપડીમાં સંતાડ્યા છે. અનુભવ અને ડહાપણના ભંડારના મારા એ વારસાને મેં રાજ્યનો ગુનો નોતરીને મારી પાસે રાખ્યા છે. હવે આપ સજાનો જે હુકમ કરો એ ભોગવવા તૈયાર છું.'


રાજા દંગ રહી ગયો.

ઘરડાની સમજણ ને શાણપણ તરફ પોતે અકારણ બતાવેલી નફરત ઉપર પસ્તાવો થયો. આવી સમજ ને ડહાપણના ભંડારોને આમ જંગલમાં મૂકી આવવા ને ભૂખેતરસે મારી નાખવા એ યોગ્ય નથી, એવું એમને સમજાયું ને આખોય કાયદો રદ થયો. જોયું બાળકો? ઘરડાં માણસો અનુભવના કેવા ભંડાર છે ! સાચે જ વૃદ્ધો આપણો વારસો છે. એ વારસાને જાળવવા આપણે કટિબદ્ધ છીએ ખરા?

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિ સમજાવતાં પહેલાં વિદ્યાર્થીઓ સાથે તેમનાં માતા-પિતા પ્રત્યેની તેમની લાગણી વિષયક વાતો કરવી. ભારતીય સંસ્કૃતિના 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'ના મૂલ્ય બાબત સમજણ આપવી. માતાપિતાની હાજરી સંતાનો માટે માત્ર પ્રેરણારૂપ જ નહિ પરંતુ સાચી દિશાના માર્ગદર્શન સમ બની રહે છે તેવાં અનેક ઉદાહરણો આપી પાઠના વિષયવસ્તુને આધારે પ્રશ્નો પૂછી તેમના વિચારો જાણતા રહેવા અને જરૂરી જણાય ત્યાં આવશ્યક માહિતી કે જ્ઞાન આપતા જઈને યોગ્ય સંસ્કારનું સિંચન કરવાની દરેક તકને યોગ્ય રીતે ઝડપી લેવી. વૃદ્ધો માત્ર પોતાના પરિવારનો જ નહિ પણ સમાજ અને દેશનો અમૂલ્ય વારસો હોવાથી આપણે આપણાં એ અમૂલ્ય વારસાને જાળવીને તેનું જતન કરવાનું છે તેવી દઢ ભાવના વિદ્યાર્થીઓના મનમાં દઢ કરવી.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.**

(૧) અનાદર (૨) કોમળ (૩) સુહૃદય (૪) સમર્થ
(૫) નિશાની (૬) ઘોર (૭) આંસુ (૮) ઘરડાં

**સ. ૨ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો. દા. ત. : અઘરા – સહેલા**

(૧) જડ (૨) સુંવાળી (૩) સક્ષમ (૪) કારણ
(૫) યુવાન (૬) બંધન (૭) ઝૂંપડી (૮) સમજણ

**સ. ૩ આપેલા શબ્દોનો ઉપયોગ કરીને વાક્ય બનાવો.**

(૧) ધૂની (૨) ભાવુક (૩) એંધાણી (૪) અડાબીડ

**સ. ૪ 'ભાવતાલ' બે શબ્દોનો એક શબ્દ છે. તે પ્રમાણે નીચેના શબ્દો સાથે એક એક શબ્દ જોડીને એક શબ્દ બનાવો.**

(મુક્કી, વસ્ત્રો, ચાકર, મેદાન)

(૧) અન્ન (૨) નોકર (૩) ખેદાન (૪) ધક્કા

## સ. ૫ રૂઢિપ્રયોગ અને તેના અર્થની સાચી જોડી બનાવો.

| 'અ' | 'બ' |
|---|---|
| (૧) દંગ રહી જવું | અનાદર કરવો |
| (૨) કટિબદ્ધ થવું | દરકાર ન કરવી |
| (૩) હૈયું હચમચી જવું | આશ્ચર્યમાં પડી જવું |
| (૪) પરવા ન કરવી | તૈયાર થવું, સજ્જ થવું |
| (૫) ઉલ્લંઘન કરવું | સખત આઘાત લાગવો |

## સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો.

(૧) આ લોકકથા ________ ની છે

(અ) જાપાન (બ) ભારત (ક) અમેરિકા

(૨) રાજાએ કાયદો કર્યો કે મા-બાપ ________

(અ) માંદા પડે તો તેમને દૂર પહાડોમાં મૂકી આવવાનાં.

(બ) કામ કરી શકતા ન હોય તો ઘરમાંથી કાઢી મૂકવાનાં.

(ક) ઘરડાં થઈ જાય, કામ કરવા સક્ષમ ન રહે ત્યારે એમને દૂરના પહાડોમાં લઈ જઈ છોડી આવવા.

(૩) પુત્ર જંગલમાં ભૂલો ન પડે તે માટે પિતાએ તેના ખભે બેઠાં બેઠાં ________

(અ) આખા રસ્તે રંગબેરંગી ફૂલોની નિશાની કરી.

(બ) કૂણાં કૂણાં વૃક્ષોની ડાળીઓ રસ્તામાં નાખવા માંડી.

(ક) કાગળના નાના-નાના ટુકડા કરી નાંખવા માંડ્યા.

(૪) પોતાના પિતાને તકલીફ ન પડે તે માટે પુત્રે ________

(અ) પાંદડાંની પથારી કરી

(બ) ઘાસની પથારી કરી

(ક) રૂના ગાદલાની પથારી કરી.

## સ. ૭ ચાલો, સમજીને લખીએ.

(૧) કાયદાનું ઉલ્લંઘન કરનારને સજા કરવામાં આવતી ☐

(૨) પિતા તરફની લાગણી માટે યુવાને પરવા ન કરી ☐

(૩) જંગલમાંથી પાછા લાવી યુવાને પિતાને છાનામાના રાખ્યા ☐

(૪) છેવટે રાજાએ કાયદો રદ કર્યો ☐

## સ. ૮ પાઠમાંથી યોગ્ય વિશેષણ શોધીને લખો.

(૧) ________ કાયદો (૨) ________ સજા

(૩) ________ જંગલ (૪) ________ પુત્રો

(૫) ________ આંખ (૬) ________ હૈયે

**સ. ૯ રેખાંકિત શબ્દને 'તા' પ્રત્યય લગાવી વાક્ય ફરીથી લખો.**

દા.ત. રાજા મનથી પ્રસન્ન થયો.

જવાબ : રાજાના મનમાં પ્રસન્નતા હતી.

(૧) સુરભિનો અવાજ મધુર હતો.

(૨) ગુરુજી મહાન હતા.

(૩) શીલા બધાજ કામમાં કુશળ હતી.

(૪) બગીચો સુંદર મનમોહક હતો.

(૫) હિમાલયનો તે વૃદ્ધ સાધુ ઘણો પવિત્ર હતો.

**સ. ૧૦** તમારાં દાદા-દાદી અથવા નાના-નાનીને કેવી રીતે મદદ કરશો? તે લખો.

'ઘરડાં ગાડાં વાળે' કહેવત આ લોકકથા દ્વારા સાર્થક થાય છે આવી અન્ય કોઈપણ કહેવતને સાર્થક કરતી વાર્તા વર્ગમાં કહો.

## પ્રકલ્પ

તમારાં માતા-પિતા કે દાદા-દાદીની મદદથી તમારા પરિવારની ઓછામાં ઓછી ચાર પેઢીની વંશાવલિનું વૃક્ષ તૈયાર કરી ઘરના વડીલને તેમના જન્મદિવસે કે ખાસ પ્રસંગે ભેટ આપો.



## વિશેષ વાંચન

### તો એ મિથ્યાચાર છે... ?

હું વ્રત, એકટાણાં, ઉપવાસ કરું અને મારા મનમાંથી ગુસ્સો, ઈર્ષ્યા, ડંખ નિર્મૂળ ન થાય, તો મારું એ તપ મિથ્યા છે.

હું મંદિરે જાઉં, ફૂલ ચઢાવું, માળા ગણું અને મારાં કર્મમાંથી સ્વાર્થ, લોભ, મોહ નિર્મૂળ ન થાય તો મારી એ પૂજા મિથ્યા છે.

હું જપ કરું, સત્સંગ કરું, ધ્યાન કરું અને મારા ચિત્તમાંથી અહંકાર, અભિમાન, મોટાઈનો ભાવ નિર્મૂળ ન થાય તો મારી એ ઉપાસના મિથ્યા છે.

હે પરમાત્મા, હું પ્રાર્થના કરું ને તમારું નામ લઉં અને મારા જીવનમાં પ્રેમ, કરુણા, મૈત્રી, આનંદ પ્રગટ ન થાય તો મારો તમારી સાથેનો સંબંધ મિથ્યા છે.

– કુંદનિકા કાપડિયા

**ભૂલો ભલે બીજું બધું મા-બાપને ભૂલશો નહિ.**

❀ ❀ ❀

# ૨ પંખીઓની મહાસભા

**ગિજુભાઈ બધેકા**

**ગિજુભાઈ બધેકા :** ‘ગિજુભાઈ’ તો તેમનું હુલામણું નામ હતું. તેમનું પૂરું નામ હતું ગિરજાશંકર ભગવાનજી બધેકા. બાળકો પ્રત્યે તેમને અપાર પ્રેમ હોવાથી તેઓ બાળકોની ‘મૂછાળી મા’ તરીકે જાણીતા થયા હતા, ગુજરાતમાં મોન્ટેસરી બાલશિક્ષણના પ્રણેતાએ ‘બાળવાર્તાઓ’ અને ‘બાળસાહિત્ય ગુચ્છ’નાં સોથી પણ વધારે પુસ્તકો દ્વારા આદર્શ બાળ સાહિત્યની રચના કરી હતી તેથી તેમને ‘બાળસાહિત્યના બ્રહ્મા’નું બિરુદ મળ્યું હતું.

‘દક્ષિણામૂર્તિ’ માં શિક્ષક તરીકે ફરજ બજાવનાર ગિજુભાઈએ ‘પશુપંખી ગ્રંથમાળા’નું સર્જન કર્યું હતું. તેમાંથી જ પ્રસ્તુત પાઠ લેવામાં આવ્યો છે.

આ પાઠમાં દરેક પંખીની વિશેષતા દર્શાવવામાં આવી છે. માણસો વિશે પક્ષીઓ શું ધારે છે તેનો ખ્યાલ પણ તેમાંથી મળે છે. પંખીઓ મહાસભા ભરે તો તેઓ પોતાની શક્તિઓ વિશે શું કહે અને માણસજાત વિશે કેવી કેવી ફરિયાદ કરે તેની સુંદર કલ્પના અહીં વ્યક્ત થયેલી છે. બાળવાર્તા કહેવાની લેખકની સ્વાભાવિક કુશળતા આ પાઠમાં જણાઈ આવે છે.

---

પંખીઓ કહે : ‘‘માણસો તો મહાસભા ભરે જ છે; પણ ગયા માસમાં પશુઓએ પણ મહાસભા ભરી! ત્યારે આપણે પણ શા માટે મહાસભા ન ભરવી? શું આપણે પણ અનેક પ્રશ્નો ચર્ચવાના નથી?’’

‘‘માણસો આપણને અનેક રીતે દુઃખ દે છે. આપણાં ઈંડાં ખાઈ જાય છે. આપણાં પીંછાં માટે આપણને મારી નાખે છે, મોટી મોટી મિજલસોમાં આખાં ને આખાં આપણને ઉકાળે છે કે તળે છે, ને પોતાના શોખને માટે જિંદગીભર પાંજરાંમાં પૂરી રાખે છે. તો શું આ બધી ક્રૂરતા સામે આપણે પોકાર ન કરવો જોઈએ? ઠરાવો કરી તેમની ઉપર મોકલતાં આપણને શું ન આવડે? શું આપણે મનુષ્યની જોહુકમી સામે લડત ન લડી શકીએ?’’

મહાસભાની ઉત્સાહભેર તૈયારીઓ થવા લાગી. પંચવટીનું મોટું જંગલ મહાસભાના મંડપ તરીકે પસંદ કર્યું. ગોદાવરીના કાંઠાનાં વનવૃક્ષોની ઘટાઓ મહેમાનોને આમંત્રણ આપી ઉતારા માટે નક્કી કરી. જંગલે જંગલે ને ઝાડે ઝાડે મહાસભાની પત્રિકાઓ વહેંચાઈ ગઈ. પરદેશના પ્રતિનિધિઓને પણ આમંત્રણ મોકલાયાં.

ચકલાં અને કાબરો સ્વયંસેવક તરીકે તનતોડ મહેનત કરીને વ્યવસ્થા જાળવવા લાગ્યાં. કબૂતરો અને હોલાંઓને મહેમાનોને ઉતારે મૂક્યાં. કોયલને સંગીતકાર્યમાં રોકી હતી. તૈયારી પણ સુંદર થઈ હતી.

મહેમાનો આવી ગયાં

દેશપરદેશનાં મહેમાનો હતાં. કાશ્મીરનો શ્યામો હતો; પંજાબનો સક્કરખોર હતો; બંગાળનો બાજ હતો; ગુજરાતની ચકલી હતી; વિલાયતથી મોગળી અને રોબિન આવ્યાં હતાં. સંખ્યા સારી હતી.

કામકાજનો સમય સવારમાં સાતથી નવ, અને સાંજે ચારથી સાતનો હતો. કાર્યક્રમ અગાઉથી જાહેર કરવામાં આવ્યો હતો.

સવાર પડ્યું. કૂકડાઓને મહેમાનોને જગાડવા રાખ્યા હતા. ‘કૂકડે કૂક કૂકડે કૂક’ ચારેકોર થઈ રહ્યું. મહેમાનો જાગી ઊઠ્યા.



ગોદાવરીનાં નિર્મળ જળમાં સ્નાન કરી, પવિત્ર બની, પક્ષીગણે પ્રભાતનું ગાન ગાવા માંડ્યું. જંગલ આખું ગાજી ઊઠ્યું. ઝાડ અને ટેકરાઓ પાછળથી સૂર્યનારાયણ દેખાયા. પક્ષીગણ દેવનાં દર્શન કરી મહાસભાના સ્થાનમાં આવ્યા. મેદની પૂરા ઠાઠમાં જામી હતી. મંડપ ચિકાર ભર્યો હતો. શાન્તિ અને વ્યવસ્થા વખાણવા જેવી હતી.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં કાકાકૌઆએ ગંભીર વાણીથી કહ્યું : ''એકત્ર થયેલાં પક્ષીબંધુઓ અને પક્ષીભગિનીઓ ! હું પ્રમુખશ્રીની દરખાસ્ત મૂકવા ઊભો થયો છું. પ્રમુખ માટે મને સૌથી યોગ્ય ગરુડરાજ લાગે છે. આપણામાં એમનાથી કોઈ અજાણ નથી. હિંદની તવારીખમાં અતિ પ્રાચીનકાળથી એમના વડવાઓનું નામ મશહૂર છે. એને જ એકને વિષ્ણુ ભગવાનના વાહન થવાનું માન મળેલું છે. આપણે માટે એ અભિમાન ભરેલું છે. તેમણે ઊંચી પર્વતની ટોચેથી અહીં પધારીને આપણી શોભામાં જે વધારો કર્યો છે, તે માટે ખરેખર તેમનો ઉપકાર માનવો ઘટે છે.''

લાલ લોહી જેવી લટકતી ઝાલર હલાવતી ટરકીએ ઊભા થઈ કહ્યું : ''હું ભાઈ કાકાકૌઆના મતને ટેકો આપું છું.'' 'કૂકૂ' ને 'કોકો' ને 'કુરૂક કુરૂક' ને 'ટાઉ ટાઉ'ના અવાજ સાથે દરખાસ્ત મંજૂર થઈ. ચટક છટક ચાલ ચાલતો લીલો પોપટ ઊભો થયો. કાળા કાંઠલાવાળી ગરદન હલાવી, તેણે ઉપપ્રમુખની દરખાસ્ત મૂકતાં કહ્યું :

''સભામાં પધારેલાં ભાઈઓ અને બહેનો ! મને ઉપપ્રમુખની દરખાસ્ત મૂકવાની આપે જે તક આપી છે તે માટે હું આપનો ઉપકાર માનું છું. થોડા જ શબ્દોમાં હું આપને એમનો પરિચય કરાવીશ.

‘‘શાહમૃગનું અસલ ઘર આફ્રિકા છે. એનું ઉમદા રૂપ જોઈ તમે ખરેખર ખુશ થયાં જ હશો. એનાં પીંછાં એટલાં બધાં સુંદર છે કે વિલાયતના રાજાઓ સુદ્ધાં તેને પોતાની ટોપીમાં ખોસે છે. એનાં ઈંડાં પવિત્ર ગણાય છે. મુસલમાનો તેને પીરની જગામાં ટાંગે છે. એક એક ઈંડું મોટા ચીભડા જેવડું થાય છે! એના લાંબા ગળામાંથી ગમે તે ચીજ ઝટ દઈને પસાર થઈ જાય છે. એકવાર એઓ સાહેબ સીસાની ગોળી પણ ગળે ઉતારી ગયા હતા! સાહેબ દોડવામાં ઘણાં હોશિયાર ગણાય છે. ખરેખર, ઉપપ્રમુખ થવાને એઓ લાયક છે.

શાહમૃગ ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા; ને સભાનું કામકાજ ચાલ્યું. પ્રથમ ગીધે પહોળી પાંખો કરી, નીચી મૂંડી રાખી, પોતાની સેવાના બે બોલ રજૂ કર્યા :

‘‘સાહેબો, અમે ઘણા વખતથી માણસ જાતનો ત્યાગ કર્યો છે. તેથી અમે વસતિથી દૂર ઊંચા તાડ અથવા ટેકરાઓ ઉપર રહીએ છીએ. કોઈ ઢોર કે જનાવરનું મુડદું કોહી જતું પડ્યાનું અમારી જાણમાં આવતાં, અમે અમારી ગંભીર ફરજ અદા કરવા ઊપડી જઈએ છીએ, એવી સડતી ચીજોનો નાશ કરવો એ અમારું કામ છે. અમારા કામમાં હરહંમેશ મદદ કરનાર સમડી બહેનો તથા કાગડા બંધુઓના અમે ઋણી છીએ.

સૌએ અવાજના ગડગડાટ સાથે ગીધ કોમની જંગલ સુધરાઈની સેવા માટે તારીફ કરી.

પછી બગલાભાઈ ઊઠ્યા ને બોલ્યા : આપણી મંડળીમાં સુધરાઈ ખાતાના ઉપરી છે, પણ દરિયાઈ ખાતાનો કોઈ ઉપરી નથી. બગલાં, સારસ, જળકૂકડી, બતક વગેરે દરિયાઈ લશ્કરના એક મોટા અને બાહોશ અમલદાર તરીકે હું હંસનું નામ સૂચવું છું. હંસ બધી રીતે લાયક છે.

હંસે આભાર સહિત આ દરખાસ્તનો સ્વીકાર કર્યો.

કોમળ કંઠે કોયલબાઈએ દરખાસ્ત મૂકી : ‘‘ખરેખર, આપણને એક બાહોશ નિશાનબાજની જરૂર છે. હું ધારું છું કે બાજ એ કામને માટે પૂરેપૂરો લાયક છે.’’

ત્યાં તો કાગડો અને સમડી પણ ઉમેદવારો તરીકે બહાર પડ્યાં. મત લેવાયા. વધુ મતે બાજ નિશાનબાજ તરીકે ચૂંટાયો.

કબૂતરે બાજનાં વખાણ કરી કહ્યું : ‘‘બાજની પસંદગી બરાબર થઈ છે. એ ખરેખરા નિશાનબાજ છે. માટે જ શિકારી લોકો તેને પાળી તેની પાસે બીજાં પક્ષીઓનો શિકાર કરાવે છે. અમને ખાતરી છે કે હવેથી તેઓ અમારા જેવા ગરીબ ભાઈઓને શિકારીઓથી બચાવશે.’’

‘ચીં ચીં’ ‘ટુ ટુ’ ને ‘કુઊ કુઊ’ ના પોકાર સાથે કબૂતરનું ભાષણ સૌએ સ્વીકાર્યું.

કાગડાઓના ટોળામાંથી એક મોટો કાગડો ઊભો થયો : ‘‘મારે જણાવવું જોઈએ કે હું મારી કાળાં પીંછાંવાળી કોમના પ્રતિનિધિ તરીકે ભાષણ કરવા ઊભો થયો છું. અમારી કોમે શહેર સુધરાઈનું કેવું સુંદર કામ કર્યું છે, તેનું મોહક વર્ણન કરવા મારું મન તલપી રહ્યું છે. અમારી આખી કોમે, પેલી માણસ જાતની ગંદકી અને એઠવાડ દૂર કરવા જે મહેનત ઉઠાવી છે તેવી મહેનત દુનિયાના કોઈપણ સુધરાઈ ખાતાએ નહિ ઉઠાવી હોય, જો અમારું કામ એક જ દિવસ બંધ રાખીએ તો માનવજાત માંદી પડી મરી જાય, આખા દેશમાં ભારેમાં ભારે રોગો થાય અને ચારેકોર દુઃખદુઃખ થઈ પડે.

‘‘અમારી કોમના નારીમંડળ તરફથી એક બીજી વાત રજૂ કરું છું. પણે બેઠેલી પેલી કોયલ બાનુઓ અમારી ઓરતોને સતાવે છે. તેઓ ગૃહપ્રવેશ કરી, પોતાનાં ઈંડાં અમારાં ભેગાં મૂકી નાસી જાય છે. અમારી ભોળી કાગડીબાઈઓ એ લુચ્ચીઓનાં ઈંડાં સેવીને હેરાન થાય છે. આ બાબતમાં કોઈ ખાસ ઠરાવ થવાની ખાસ જરૂર છે.’’

સૌએ કાગડાની દરખાસ્ત ઉપર પાછળથી ગંભીર વિચાર ચલાવવાનું ઠરાવી, આગળ ચલાવ્યું.

એક પગ ઉપર ઊભા રહીને બીજો પગ પેટમાં દાબી ઊંચી ચાંચે ગગન તરફ જોઈ ને પ્રભુનું ભજન કરવાની બગલો દરખાસ્ત લાવ્યો :

‘‘ભાઈઓ, જુઓ મારું રૂપ કેવું સુન્દર છે ! એનું કારણ એ છે કે હું માત્ર પાણી ઉપર એક પગે ઊભો રહીને ભગવાનનું ભજન કરું છું !’’

કાગડો ચિડાયો અને લડી પડ્યો ! ‘‘અરે બગલાભાઈ, રાખો રાખો. તમે તો બગભગત ને જગ ઠગ ભગત! તું તો ‘મુખ મેં રામ ને બગલ મેં છૂરી’ એવું કરે છે. જા, જા, તારી તે ભક્તિ શેની? લુચ્ચા ! ઠગારા!

હો હો હો થઈ રહ્યું, પ્રમુખે સીટી મારી શાંતિ પાથરી.

કાબરે પક્ષીની જાતના પ્રેમનો આદર્શ ફેલાય એટલા માટે કબૂતર અને સારસની વાતો કરી. સૌ પંખીઓએ એમનાં જેવાં પ્રેમી થવું એવી દરખાસ્ત મૂકતાં તે બોલી :

‘‘ખરેખર કબૂતર જેવું નિર્દોષ પક્ષી બીજું કોઈ નથી. પવિત્ર પ્યાર માટે આ પંખી જગમશહૂર છે. સારસ પંખીનો પ્રેમ તો કબૂતરથીયે ચડે ! આ સારસ-સારસી જરા પણ છૂટાં રહી શકતાં નથી; એઓ બધો વખત સાથે જ રહે છે; એવો એમનો પ્રેમ છે. કોઈ પારધી એકને મારી નાંખે તો બીજું ઝૂરીઝૂરીને મરે છે. આવો પ્રેમ તો અક્કલવાળાં માણસોમાં પણ જોવા મળતો નથી. હું પક્ષીઓના જીવનમાં આવા પ્રેમની હિમાયત કરું છું.’’

બધાં પક્ષીઓએ કાબરબાઈને હર્ષથી વધાવી લીધાં.

ત્યાર પછી તેતર, કબૂતર, હોલાં વગેરેની ફરિયાદો નોંધાઈ. માણસ જાત તેમનાં ઈંડાં ખાઈ જાય છે તે માટે સૌએ ‘શરમ’ના ઠરાવો કર્યા.

વનવાગોળ થોડા વખત પહેલાં પશુઓની સભામાં ગઈ હતી. તેથી તેને સજા ફરમાવી કે તેણે હંમેશાં ઊંધા મસ્તકે લટકવું ને દિવસે કોઈ પક્ષીને મોં બતાવવું નહિ.

છેવટના ઠરાવમાં ઘૂવડને રાતનો ચોકીદાર નીમી, સભા બરખાસ્ત કરી. પછી રમતનો કાર્યક્રમ હતો.

ડૂબકી મારવાની રમતમાં બતક પહેલી આવી, નિશાન મારવામાં બાજ, ચતુરાઈમાં કાગડો, દોડવામાં શાહમૃગ, ને કૂદવામાં રૉબિન આગળ આવ્યાં. છટાદાર ભાષણો માટે પોપટ, કાકાકૌઆ અને કુસકુ ખૂબ વખણાયા. સૌને યોગ્યતા પ્રમાણે ઈનામ મળ્યાં.


પછી ગાનતાનનો જલસો ચાલ્યો. મધુર કંઠે કોયલબાઈએ ગાન ગાયાં, કળા કરી મોરભાઈ નાચ્યા. બુલબુલે નવી નવી ચીજો સંભળાવી. મેનાએ પણ સૌનાં મનોરંજન કર્યાં.

સૌ ખુશી થયાં. મહાસભાનું કામ પૂરું થયું.

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત પાઠનું અધ્યયન કરાવતાં પહેલાં વિવિધ સભાઓના સમાન કાર્ય વિશે સમજાવ્યા પછી વિદ્યાર્થીઓને વિષયાભિમુખ કરવા. હોદ્દેદારી, દરખાસ્ત, ઠરાવ વગેરેની સંક્ષિપ્તમાં માહિતી આપવી. સભાની શિસ્ત જાળવવા પ્રેરણા આપવી. બીજાની વાત શાંતિથી સાંભળવી અને પોતાની વાત વિવેકપૂર્વક રજૂ કરવાનું મહત્ત્વ સમજાવવું. સભાના આયોજન, સંચાલન વગેરેની માહિતી આપવા સાથે માણસો તરફથી પંખીઓને થતી હેરાનગતિ બાબત ચર્ચા કરી વિદ્યાર્થીઓનાં મંતવ્યો જાણી, તે દિશામાં પક્ષી પ્રેમ કેળવવા પ્રેરણા અવશ્ય આપવી. આપણને ક્યા ક્યા પંખીઓ કઈ કઈ રીતે મદદરૂપ થાય છે તેની વિસ્તૃત ચર્ચા કરવી. કાગડો, સમડી, ગીધનાં કાર્યોના ઉલ્લેખ સાથે 'સ્વચ્છતા અભિયાનની' વાતને સાંકળી તે વિશે પણ વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરી શકાય.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.**

(૧) પરિષદ (૨) માંડવો (૩) ભીડ (૪) બહેન
(૫) પૂર્વજો (૬) વિશ્વવિખ્યાત (૭) શિકારી (૮) તરફેણ

**સ. ૨ 'મહાસભા' એટલે મોટી સભા. નીચેના શબ્દોની આગળ 'મહા' લગાડી શબ્દ ફરીથી લખો અને તેનો અર્થ પણ લખો.**

(૧) ----રાજા (૨) ----યુદ્ધ (૩) ----જ્ઞાની
(૪) ----પાપી (૫) ----રાણી (૬) ----શાળા

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દ બનાવો : દા. ત. દરેકવન – વનેવન**

(૧) દરેક જંગલ – -------- (૨) દરેક ઘર – --------
(૩) દરેક ગામ – -------- (૪) દરેક રાજ્ય – --------

**સ. ૪ ઉદાહરણ પ્રમાણે શબ્દ લખો. દા. ત. શાંતિ – અશાંતિ**

(૧) દોષ (૨) આશા
(૩) ધનિક (૪) ભેળ

**સ. ૫ નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) જગમાં પ્રસિદ્ધ હોય તેવું –
(૨) નિશાન તાકવામાં હોંશિયાર હોય એવી –
(૩) સ્વેચ્છાએ સેવા કરનાર –
(૪) આવવા માટેનું કહેણ –

**સ. ૬ યોગ્ય વિકલ્પ આપી વિધાન પૂર્ણ કરો.**

(૧) મહાસભાના મંડપ તરીકે -------- પસંદ કર્યું.
(અ) ગીરનું જંગલ
(બ) તાડોબાનું જંગલ
(ક) પંચવટીનું જંગલ

(૨) મહાસભામાં -------- એ સ્વયંસેવક તરીકે તનતોડ મહેનત કરી.
(અ) ચકલાં અને કાબરોએ
(બ) કબૂતરો અને હોલાઓએ
(ક) કાગડા અને કોયલે

(૩) મહેમાનોને જગાડવાનું કામ -------- એ કર્યું.
(અ) મોરે
(બ) કૂકડાએ
(ક) કોયલે

(૪) કાકાકૌઆએ પ્રમુખશ્રી તરીકે ગરુડરાજની દરખાસ્ત મૂકી કારણ કે --------
(અ) પ્રાચીનકાળથી તેમના વડવાઓ જ પ્રમુખ હતા.
(બ) તેને વિષ્ણુ ભગવાનના વાહન થવાનું માન મળ્યું હતું.
(ક) તેમણે ઉપસ્થિત રહીને સભાની શોભામાં વધારો કર્યો હતો.

**સ. ૭ ક્યા રાજ્યના ક્યા પંખી તે લખો.**

(૧) કાશ્મીરનો - (૨) પંજાબનો -
(૩) બંગાળનો - (૪) ગુજરાતની -

**સ. ૮ કહો એ કોણ?**

(૧) ઉપપ્રમુખની દરખાસ્ત મૂકનાર - ________
(૨) આફ્રિકાનું પ્રખ્યાત પંખી - ________
(૩) સૌથી પહેલાં પોતાના બે બોલ બોલનાર - ________
(૪) દરિયાઈ લશ્કરના એક મોટા અને બાહોશ અમલદાર - ________
(૫) નિશાનબાજ તરીકે ચૂંટાનાર - ________

**સ. ૯ તો શું થાય?**

(૧) કાગડાઓ એક દિવસ પોતાનું કામ બંધ રાખે તો ________
(૨) પારધી સારસને મારી નાંખે તો ________
(૩) પંખીઓ માણસજાતથી દુઃખી થઈને મહાસભા ભરે તો ________

### સ. ૧૦ યોગ્ય રીતે જોડો.

| ‘અ’ | ‘બ’ |
|---|---|
| (૧) ડૂબકી મારવામાં પ્રથમ | બાજ |
| (૨) નિશાન તાકવામાં હોંશિયાર | રૉબિન |
| (૩) ચતુરાઈમાં પ્રથમ | શાહમૃગ |
| (૪) દોડવામાં પ્રથમ | કાગડો |
| (૫) કૂદવામાં આગળ | બતક |

### સ. ૧૧ નીચેના પંખીઓની વિશેષતા જણાવો.

(૧) પોપટ, કાકાકૌઆ અને કુસકુ

(૨) કોયલ, મોર, બુલબુલ અને મેના

(૩) કાગડો, ગીધ, સમડી

### સ. ૧૨ વિચાર કરીને જવાબ લખો.

(૧) પંખીઓની મહાસભાનો સમય જણાવો.

(૨) ગીધોનું વસતિથી દૂર રહેવાનું કારણ જણાવો.

(૩) કોયલબેનો તરફથી કાગડીઓને થતો ત્રાસ જણાવો.

(૪) પક્ષીઓની મહાસભામાં વનવાગોળને થયેલી સજા અને તે સજા થવા પાછળનું કારણ જણાવો.

### સ. ૧૩ નીચેનાં પક્ષીઓની જાતિ બદલો.

મોર, પોપટ, કાગડો, ચકલી, કબૂતર, સારસી, હંસ, બગલો, કૂકડી, કોકિલ

**સ. ૧૪** ‘શાહમૃગ’ વિશે ૫ થી ૭ વાક્યો લખો.

પંખીઓને માણસજાત તરફથી કેવા કેવા પ્રકારની હેરાનગતિ થાય છે? તે કહો.

---

## પ્રકલ્પ

આ પાઠમાં જેનો ઉલ્લેખ થયો છે તે બધાં પરદેશી પંખીઓની માહિતી ઈન્ટરનેટ ઉપરથી મેળવીને ‘વિદેશી પંખીઓની દુનિયા’ વિશે પ્રોજેક્ટબુક તૈયાર કરો.



# માદામ કામા

| જન્મ | મૃત્યુ |
|---|---|
| ૨૪/૦૯/૧૮૬૧ | ૧૩/૦૮/૧૯૩૬ |

માદામ કામાનું આખું નામ ભિખાઈજી રુસ્તમજી કામા. તેમનો જન્મ મુંબઈમાં ચોવીસમી સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ. તેમના પિતાનું નામ સોરાબજી ફરામજી પટેલ ને માતાનું જીજીબાઈ.

શાળાનું શિક્ષણ પૂરું થયું એટલે ફ્રેંચ, જર્મન જેવી ભાષાઓનું શિક્ષણ તેમણે ઘેર બેઠાં લીધું. તેઓ નાનપણથી ખૂબ હોંશિયાર અને સ્વભાવે દયાળુ હતાં. કોઈનું દુઃખ જોઈ ન શકે. કોઈનું દુઃખ જુએ કે તુરત જ એમની વહારે ધાય.

ઈ. સ. ૧૮૮૫માં ભારતીય કોંગ્રેસનું પહેલું અધિવેશન ભરાયું ત્યારે ભિખાઈજીની ઉંમર ચોવીસ વર્ષની. તેમણે એ અધિવેશનમાં હાજર રહી, આપણા દેશનેતાઓનાં ભાષણો રસપૂર્વક સાંભળ્યાં. એમના ચિત્ત પર એ ભાષણોની ઊંડી અસર થઈ. પછીથી તેઓ દેશસેવાનાં કામો કરવા લાગ્યાં. સ્ત્રીઓની સેવા કરતાં મંડળોમાં આગળ પડતો ભાગ લેવા લાગ્યાં.

ભિખાઈજીના પતિ ધનવાન કુટુંબના હતા; વિદ્વાન ધારાશાસ્ત્રી હતા. તેમણે ભિખાઈજીને એમની મનગમતી પ્રવૃત્તિ કરવા માટે પૂરતી મોકળાશ આપી. આથી ભિખાઈજી લોકસેવા અને દેશસેવામાં પૂરા જોશથી કામ કરવા લાગ્યાં. ન જોયું ઘર સામે, ન જોયું જાત સામે. જ્યારે મુંબઈમાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે જાનના જોખમે એમણે સૌની સારવાર કરેલી.

ભિખાઈજી આમ તો દાદાભાઈ નવરોજીના શિષ્યા પણ શ્યામજી કૃષ્ણ વર્મા સાથે એમને વધારે ગોઠ્યું. તેઓ હિંસક ક્રાંતિનીયે તૈયારીમાં પડ્યા અને 'ભારતીય ક્રાન્તિનાં માતા'નું બિરુદ પામ્યા.

જર્મનીમાં મળેલી સમાજવાદીઓની બીજી આંતરરાષ્ટ્રીય મહાસભામાં તેમણે આખી રાત જાગીને તૈયાર કરેલો ધ્વજ રજૂ કર્યો અને કહ્યું હતું કે, 'આ છે મારા ભારત દેશનો ધ્વજ! સૌએ અદબપૂર્વક એ ધ્વજને સલામી આપી હતી. આવો ધ્વજ જર્મનીની મહાસભામાં રજૂ કરી ભિખાઈજીએ દેશનાં શાન-માન વધાર્યાં.

ભિખાઈજી એમની જિંદગીના છેલ્લા દિવસોમાં એકલાં-અટૂલાં પડી ગયેલાં. માત્ર વિનાયક સાવરકર એમની દેખભાળ રાખતા.

તેરમી ઑગસ્ટ, ૧૯૩૬ના રોજ 'વન્દે માતરમ્'ના રટણ સાથે તેમણે દેહ છોડયો હતો.

સ્ત્રીઓ પણ લોકો માટે, દેશ માટે ધારે તો ઘણું ઘણું કરી શકે. એટલું જ નહિ, પણ માતૃભૂમિનું ઋણ ફેડવા માટે આપણે હરહંમેશ તૈયાર રહેવું જોઈએ.

– શ્રદ્ધા ત્રિવેદી

**અજ્ઞાનનો સ્વીકાર એ જ્ઞાનનું પ્રથમ પગથિયું છે.**

# ૩ વાદવિવાદ

**જીવરામ જોષી**

**જીવરામ જોષી :** સૌરાષ્ટ્રમાં આવેલા ગરણી ગામમાં તેમનો જન્મ થયો હતો. ગુજરાતી છ ધોરણ સુધી ભણેલા. અંગ્રેજીનું સાધારણ જ્ઞાન પણ ધરાવતા હતા. 'ઝગમગ' અને 'છુકછુકગાડી' જેવા બાળ વર્તમાનપત્રના તંત્રી તરીકે તેમણે સુંદર કામગીરી બજાવી હતી. તેમણે રચેલા બાલસાહિત્યનો જોટો જડે તેમ નથી. 'મિયા ફૂસકી'; 'અડૂકિયો-દડૂકિયો', 'છેલછબો' તેમનાં અમર પાત્રો છે. આવાં અમર પાત્રોએ બાળનાટ્ય ક્ષેત્રે અનોખી સિદ્ધિ હાંસલ કરી છે.

પ્રસ્તુત કૃતિમાં રાજા ભોજ અને કવિ કાલિદાસનો એક પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે. ભોજરાજાના પ્રશ્નોના જવાબમાં કવિ જ્યારે રાજાની વાતમાં હા એ હા અને ના એ ના કહે છે ત્યારે રાજા તેમને હજૂરિયા થઈ ગયાનું જણાવે છે. કાલિદાસ પોતે સત્ય જ કહે છે તે વાતને વળગી રહે છે. તે જ વખતે ચાર મૂર્ખાઓનો સંવાદ સાંભળીને કવિ એ ચારેયને પ્રશ્ન પૂછે છે કે, તમે જે વાત કરી રહ્યા છે, તે જાણો છો ખરા? એ ચારેય ના પાડે છે અને તેઓ અનુમાનથી વાત કરતા હોવાનું જણાવે છે. ત્યારે કવિ તેમને સમજાવે છે કે આપણે જે વાત જાણતાં ન હોઈએ તે માટે વાદવિવાદ કરવો એ મૂર્ખાઇ કહેવાય. આમ કવિ કાલિદાસ ચાર મૂર્ખાઓની સાથે સાથે રાજા ભોજને પણ સાનમાં સમજાવી દે છે.

---

એકવાર રાજા ભોજ ફરવા નીકળ્યા.

સાથે કવિ કાલિદાસ પણ હતા.

વાતો કરે છે અને ચાલ્યા જાય છે. મારગમાં ઘણી વસ્તુઓ આવે છે. રાજા ભોજ જુએ છે અને પૂછે છે કે, કવિરાજ ! આ બાવળને કાંટા ન હોત તો શું ખોટું હતું?

કવિ કહે : કંઇ નહીં.

રાજા કહે : કંઇ કેમ નહિ? ખોટું તો હોવું જ જોઈએ. નહિ તો કુદરત કાંટા શા માટે પેદા કરે !

કવિ કહે : એ પણ ખરું.

આમ બે ચાર વાર જુદી જુદી વાત ભોજ રાજાએ પૂછી, આમ ન હોવું જોઈએ એમ કહે તો કવિ કાલિદાસ કહેશે કે હા, ન હોવું જોઈએ, આમ હોવું જોઈએ, એમ રાજા કહે તો કવિ કહેશે હાજી હોવું જોઈએ.

ત્યારે રાજા ભોજે કહ્યું : કવિ, તમેય જી હજૂરિયા થઈ ગયા લાગો છો. અમે હા કહીએ તો તમેય હા કહો છો અને અમે ના કહીએ તો તમે ના કહો છો.

કવિ કહે : ના જી. હું સાચું કહું છું. જરાય ખોટું નથી.

રાજા કહે : ખોટું તો છે જ. હું કહું આમ જોઈએ તો તમે હા કહો છો. હું કહું છું કે આમ ન જોઇએ તો ના કહો છો એટલે તમે મને રાજી રાખવા મારી હા એ હા અને ના એ ના કહો છો.

કવિ કહે : ના જી. હું જે કહું છું. તે સત્ય જ કહું છું.

રાજા કહે : ખોટું.



આમ વાતો કરે છે અને ચાલ્યા જાય છે. ત્યાં ચાર માણસોને લડતા જોયા. રાજા ભોજ અને કવિ કાલિદાસ ઊભા રહી ગયા.

આ ચાર મૂરખા હતા.

એક ગામથી બીજે ગામ જવા નીકળ્યા હતા. મારગમાં એક મોટો પથ્થર આવ્યો. જમીનમાં ખોડેલા જેવો હતો. ચાર મૂરખા ઊભા રહી ગયા.

એક કહે : આ કોઈ જૂના મહાદેવજી છે.

બીજો કહે : ના રે ના, મહાદેવજી હોય તો મંદિર ક્યાં જાય? આ તો હાથીને બાંધવાનો ખીલો છે. પહેલાના સમયમાં આ જગાએ પુરાણું નગર હતું.

ત્રીજો કહે : હાથીને બાંધવાનો ખીલો ના હોય. હાથી રાખે રાજા. આ તો કોઈ જૂના સમયના હનુમાનજી છે.

ચોથો કહે : તું મૂરખો છે. આવા હનુમાનજી ન હોય.

ત્રીજો કહે : ન કેમ હોય? તારામાં અક્કલ નથી.

ચોથો કહે : તારામાં નથી.

'એમ !'

'હા.'

આમ ચારે મૂરખા વાદ કરવા બેઠા. એમાંથી બોલાબોલી થઈ. તેમાંથી મારામારી કરવા બેઠા.

ત્યાં કવિ કાલિદાસ અને રાજા ભોજ પહોંચી ગયા.

કવિ કાલિદાસે પૂછ્યું કે : તમે ચારેય કહો છો. તે વાત તમે નક્કી જાણો છો?

ચારેય કહે : ના ભાઈ. અમે તો અક્કલથી વિચારીએ છીએ કે, આમ હશે.

કવિ કાલિદાસે કહ્યું : આમ હશે અને તેમ હશે, એવું ધારીને લડવા બેસે તે મૂરખા. કોઈ કહે આમ હશે તો સાંભળી લેવું, બીજો કહે તેમ હશે તો ય સાંભળી લેવું. જે વાત આપણે ચોક્કસ ન જાણતા હોઈએ તે માટે લડવું એ મૂર્ખાઇ.

ચારેય લજાઈ ગયા.

પોતે મૂરખા ઠરી ગયા. ચૂપચાપ ચાલતા થયા.

કવિ કાલિદાસે રાજા ભોજ સામે જોયું. રાજા સમજી ગયા કે કવિ કાલિદાસ પોતાની વાતમાં હા એ હા અને ના એ ના કેમ કહેતા હતા.

કવિ બોલ્યા : આપે પૂછ્યું કે, બાવળને કાંટા કેમ હોય છે? ડાળી કેમ નહિ. તે આપણે કોઈ સમજી શકતા નથી. એવી વાતમાં કોઈ કહે આમ, તો તેમાં હા કહેવી. ના કહીએ તો વાદવિવાદ થાય. જે ચોક્કસ ન હોય તે માટે વાદવિવાદ કરી લડવા બેસવું એ મૂર્ખાઇ ગણાય.

---

## માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યયન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓને રાજા કૃષ્ણદેવરાય અને તેનાલીરામનના પ્રસંગો બાબત પૂછીને તેમને વિષયાભિમુખ કરવા. જીવરામ જોષીની વાર્તાઓ, ચિત્રવાર્તાઓ વગેરેનો પરિચય આપવો. કવિ કાલિદાસ વિશે પણ ઉપરછલ્લો પરિચય આપવો. આ કૃતિ બાબત નાના નાના પ્રશ્નો પૂછીને તેના વિષયવસ્તુને સ્પષ્ટ કરવું. 'વાદવિવાદ'નો સાચો મર્મ સમજાવી પાઠના શીર્ષકની યથાર્થતાનો ખ્યાલ પણ આપી શકાય. અજ્ઞાન જાહેર કરવા કરતાં મૌન રહેવામાં શાણપણ છે તે પણ સમજાવી શકાય.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો લખો.**

| | | | |
|---|---|---|---|
| (૧) રસ્તો | (૨) ચીજ | (૩) સત્ય | (૪) કંટક |
| (૫) પ્રાચીન | (૬) બુદ્ધિ | (૭) શિવજી | ૮) શાખા |

**સ. ૨ ઉદાહરણ મુજબ યોગ્ય રીતે જોડો. દા. ત. : રાજી – નારાજી**

| | 'અ' | 'બ' |
|---|---|---|
| (૧) | ખોટું | નવું |
| (૨) | ડાહ્યા | વિદ્વાન |
| (૩) | આકાશ | સાચું |
| (૪) | પુરાણું | ગાંડા |
| (૫) | મૂર્ખ | ધરતી |

**સ. ૩ નમૂના પ્રમાણે શબ્દોની અંતાક્ષરી પૂર્ણ કરો.**

(૧) કાલિદાસ - સમજદાર - રમણીય - યથાશક્તિ

(૨) વાદવિવાદ -

(૩) મારામારી -

(૪) ચૂપચાપ -

(૫) મૂર્ખાઈ -

**સ. ૪ નમૂના પ્રમાણે શબ્દ બનાવો. દા. ત. મૂર્ખ - મૂર્ખાઈ**

| | | | |
|---|---|---|---|
| (૧) ઊંડું | (૨) લાંબું | (૩) પહોળું | (૪) ચોખ્ખું |
| (૫) નરમ | (૩) ઠાવકું | (૭) લુચ્ચું | (૮) સાદું |

**સ. ૫ જોડણી સુધારી શબ્દ ફરીથી લખો.**

| | | |
|---|---|---|
| (૧) મૂરખાઈ | (૨) હજુરીઆ | (૩) વાદવીવાદ |
| (૪) પતથર | (૫) અકલ | (૬) નીકળીઆ |

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો.**

(૧) એક વાર રાજા ભોજ કવિ કાલિદાસ સાથે --------

(અ) ફરવા નીકળ્યા

(બ) શિકારે નીકળ્યા

(ક) યુદ્ધ કરવા નીકળ્યા

(૨) રાજા ભોજે કવિ કાલિદાસને કહ્યું કે --------

(અ) તમે સત્યવાદી બની ગયા છો.

(બ) તમે હજૂરિયા થઈ ગયા છો.

(ક) તમે શાંત થઈ ગયા છો.

(૩) મારગમાં આવેલો પથ્થર --------

(અ) જમીન ઉપર એમજ પડ્યો હતો.

(બ) ઝાડના ટેકે પડેલો હતો.

(ક) જમીનમાં ખોડેલો હતો.

(૪) ચાર મૂર્ખાઓમાંથી એકે પથ્થરને --------

(અ) હાથીને બાંધવાનો ખીલો ગણાવ્યો.

(બ) ઘોડાને બાંધવાનો ખીલો ગણાવ્યો.

(ક) ગાયને બાંધવાનો ખીલો ગણાવ્યો.


**સ. ૭ નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) જે ચોક્કસ ન હોય તે માટે વાદવિવાદ કરી લડવા બેસવું એ મૂર્ખાઇ ગણાય.
(૨) કવિ તમે જી હજૂરિયા થઈ ગયા લાગો છો.
(૩) આમ હશે અને તેમ હશે, એવું ધારીને લડવા બેસે તે મૂરખા.
(૪) ખોટું તો છે જ.

**સ. ૮ નીચેનાં વાક્યો બોલનાર અને સાંભળનારનાં નામ લખો.**

(૧) ''ના જી, હું સાચું કહું છું. જરાય ખોટું નથી.''
(૨) ''આ, કોઈ જૂના મહાદેવજી છે.''
(૩) ''કવિરાજ? આ બાવળને કાંટા ન હોત તો શું ખોટું હતું?''

**સ. ૯** પ્રસ્તુત પાઠમાં કુલ કેટલાં પાત્રો છે? ક્યા ક્યા?



**સ. ૧૦ નીચેનાં વાક્યોના પ્રકાર ઓળખો.**

(૧) હું સાચું જ કહું છું.
(૨) શું આ વાત સાચી છે?
(૩) વાહ! શું વાતાવરણ છે!
(૪) ગયેલો સમય પાછો આવતો નથી.
(૫) સારા અક્ષરે લખો.

**સ. ૧૧ (અ) જાતિ બદલો.**

(૧) કવિ (૨) હાથી (૩) રાજા (૪) ઘોડો

**(બ) વચન બદલો.**

(૧) કાંટો (૨) માણસો (૩) ગાય (૪) ખીલો

**સ. ૧૨ નીચેનાં વિશેષણોને તેના પ્રકાર પ્રમાણે યોગ્ય ખાનામાં લખો.**

પેલું, થોડું, વધુ, ઠોઠ, હોંશિયાર, ઘણું, ચાર, રૂપાળું, તે, દસ, આ, ત્રણ

(૧) ગુણવાચક વિશેષણ :-
(૨) સંખ્યાવાચક વિશેષણ :-
(૩) દર્શકવાચક વિશેષણ :-
(૪) પ્રમાણવાચક વિશેષણ :-

**સ. ૧૩** અકબર, બીરબલનો કોઈપણ એક પ્રસંગ ટૂંકમાં લખો.

'વાદવિવાદ' એટલે શું? તેના વિશે વર્ગમાં સમૂહ ચર્ચા કરો.

---

## પ્રકલ્પ

ઈન્ટરનેટની મદદથી કવિ કાલિદાસની માહિતી મેળવો. તેમણે લખેલી કૃતિઓનાં નામ શોધી એક સરસ મજાનું ભીંતપત્રક બનાવો.

## લેખન કૌશલ્ય



### ગદ્ય પરિશિલન

નીચેનો ગદ્યખંડ (પરિચ્છેદ) ધ્યાનપૂર્વક વાંચીને તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો.

આખી દુનિયામાં ભારતનો ડંકો વગાડનાર મહાન સંન્યાસી સ્વામી વિવેકાનંદનો જન્મ ઈ.સ. ૧૮૬૩માં બારમી જાન્યુઆરીના રોજ કોલકત્તામાં થયો હતો. એમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું. વિવેકાનંદનું નાનપણનું નામ નરેન્દ્ર, નરેન્દ્રના પિતા પ્રસિદ્ધ વકીલ હતા. બાળક નરેન્દ્ર ખૂબજ બુદ્ધિશાળી.

એમની યાદશક્તિ એટલે ન પૂછો વાત? ચોપડી એક વખત વાંચે એટલે કડકડાટ મોઢે. એ કૉલેજમાં ભણતા ત્યારે એમના એક અંગ્રેજ સાહેબે કહ્યું હતું. ''આવો હોંશિયાર વિદ્યાર્થી મેં ક્યારેય જોયો નથી.'' નરેન્દ્ર માત્ર ભણવામાં જ હોંશિયાર હતા એવું નહિ; એ રમતગમતમાં પણ એવા જ પાવરધા. શરીર પણ એવું જ કસાયેલું. વળી એમનું ગળુંય મીઠું મધ જેવું. એમને મોઢે ભજન-ગીત સાંભળનારા તલ્લીન બની જતા.

**સ. ૧ નામ લખો.**

(૧) સ્વામી વિવેકાનંદનું બાળપણનું નામ -
(૨) વિવેકાનંદના પિતાનું નામ -
(૩) વિવેકાનંદના જન્મનું સ્થળ -
(૪) વિવેકાનંદનાં માતાનું નામ -

**સ. ૨** પ્રસ્તુત પરિચ્છેદમાં વિવેકાનંદની કઈ કઈ વિશેષતાઓ દર્શાવી છે તેનો ઉલ્લેખ કરો.

**સ. ૩** અંગ્રેજ સાહેબે વિવેકાનંદ માટે શું કહ્યું હતું?

**સ. ૪** આ પાઠમાં આવેલા દરેક વિરામચિહ્નોનાં નામ લખો.

**સ. ૫** વિવેકાનંદનો જન્મ ક્યારે થયો હતો?

**ખોટું બોલવા કરતાં મૌન રહેવું ઉત્તમ છે.**

# ૪ છીંડું

**રમેશ ત્રિવેદી**

**રમેશ ત્રિવેદી :** ઉત્તર ગુજરાતનું કડી તેમનું વતન છે. શિક્ષણક્ષેત્રમાં પોતાની સેવા આપ્યા પછી હાલ તેઓ નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. લઘુકથાના ક્ષેત્રે તેમનું નોંધપાત્ર યોગદાન છે. 'આઠમું પાતાળ', 'આઈસબર્ગ' વગેરે તેમના લઘુકથાના સંગ્રહો છે. 'હાલકડોલક દરિયો' ટૂંકી વાર્તાનો સંગ્રહ છે. બાળ સાહિત્ય ક્ષેત્રે પણ તેમણે સારું એવું લેખન કાર્ય કર્યું છે.

પ્રસ્તુત લઘુકથા તેમના 'આઈસબર્ગ' સંગ્રહમાંથી લેવામાં આવી છે. અહીં લેખકે ગ્રામ્યસંસ્કૃતિને ભરખી જતી નગરસંસ્કૃતિનું પ્રતીકાત્મક વર્ણન કર્યું છે. શહેરમાં ભણેલો અને ત્યાંના રંગે રંગાયેલો યુવાન પોતાના ગામમાં ખેતી કરવાને બદલે શહેરમાં નોકરી મેળવે છે. તેથી તેના પિતા સૂનમૂન બની જાય છે. ખેતરની વાડમાં પડેલા છીંડાના પ્રતીક દ્વારા ગ્રામ્યસંસ્કૃતિને તૂટતી બતાવી છે. ખેતર વચ્ચે ઊભેલું કોણ છે? પોતાનો દીકરો કે પછી ચાડિયો - તે નક્કી કરી શકતા નથી. તેથી પિતાની મનોવેદનાનો પાર નથી તેનું વર્ણન આ લઘુકથાને મર્મસ્પર્શી બનાવે છે.

---

બાપાએ ખભે કોદાળી મૂકીને ધીમે-ધીમે પગ ઉપાડ્યા. એમની ગર્વભરી નજર ડાંગરની લહેરાતી ક્યારીઓ તરફ મંડાઈને લીલીછમ બની ગઈ હતી; જાણે એમણે ચોતરફ જોઈ લીધું. પૂળાની સોનલવર્ણી હોગલીઓ, ટ્યૂબવેલની ઓરડી, ઢાળિયામાં વહેતું મબલક પાણી, આમલીની હાલકડોલક ઘટા, ટ્રૅક્ટર, વાડની વેલીઓના ઝૂલા પર ઝૂલતો નફકરો વગડાઉ પવન, આસપાસ લહેરાતું ઘાસ અને ખેતર વચ્ચે ઊભેલો જીવતા-જાગતા માણસ જેવો લાગતો ચાડિયો... ઊડાઊડ કરતાં પંખીઓનો કલરવ.

તેઓ ચાડિયા સામે જોતાં જોતાં આગળ વધી રહ્યા. એમના પગ ધીમે-ધીમે ઊંચકાતા હતા. એ કશાક ગળાડૂબ વિચારોમાં ડૂબી ગયા હોય તેમ ધીમે-ધીમે આગળ વધી રહ્યા હતા અને...

- બાપા !

- હં... તેમના પગ એકાએક થંભી ગયા.

- બાપા ! નોકરી મળી ગઈ મને ! વાડના વળાંક આગળથી ચાલી છોકરો બાપાની સામે આવી ઊભો. બાપા સૂનમૂન બની એની સામે જોઈ રહ્યા.

- ગમ્યું ને બાપા ?... છોકરાનો શ્યામ-દૂબળો ચહેરો પ્રસન્ન લાગતો હતો.

- હાસ્તો... કહી બાપા ફિક્કું હસ્યા.

છોકરાની આંખો એના હાથમાંના કાગળ પર સ્થિર થઈ ગઈ હતી. થોડુંક મૌન જાળવી તેમણે ફરી પગ ઉપાડ્યા, છોકરો આગળ કશું જ બોલ્યો નહીં - બોલી શક્યો નહીં. વિચારોમાં ડૂબેલા બાપાના અડવડતાં પગલાં - ખેતરની માટી-ઢેફાં, વાડમાંથી ફૂંકાતો નજર સાથે આવીને અથડાતો - તોરભર્યો પવન - દૂર-દૂર શહેરની આથમણી દિશા ભણી વાઈ રહ્યો હતો. બાપાએ પાછળ જોયું. છોકરો હજુય કાગળ સામે જોતો ઊભો હતો. લાડકોડમાં ઊછરેલો એકનો એક દીકરો શહેરમાં જઈને ભણ્યોગણ્યો. ને પછી એણે શહેરમાં જ નોકરી મેળવવા કેટકેટલા ઉધામા કર્યા! ધરાઈને ખાધું-પીધું નહીં... ગામમાં, ખેતરમાં શું નથી? એ તંતીલાને કેટકેટલું સમજાવ્યો? ને છેવટે તો એણે એનું ધાર્યું જ !...




બાપાએ ઊંડો શ્વાસ ખેંચ્યો. પગ આગળ ઢસડાવા માંડ્યા. ખાસ્સું ચાલી નાખ્યા પછી એ એકાએક થંભી ગયા – વાડ પાસે આવીને. વાડમાં મોટું છીંડું પડ્યું હતું. છીંડામાંથી પડતો ધૂળિયો રસ્તો – જઈને સીધો મળતો હતો શહેર તરફ જતા ખુલ્લા મોંવાળા વિકરાળ અજગર જેવા ડામરના રસ્તાને. અને... બાપાની નજર છીંડા સામે, થોર સામે–જોતાં–જોતાં ઝરડાઈ ગઈ જાણે – !

એકાએક એમણે પાછળ જોઈ લીધું. ઝાંખ વળેલી આંખોથી એ નક્કી કરી શક્યા નહીં કે – દૂર ખેતર વચ્ચે છોકરો ઊભો હતો કે ચાડિયો?...

## માર્ગદર્શક સ્તંભ

પ્રસ્તુત કૃતિનું અધ્યયન કરાવતાં પહેલાં વિદ્યાર્થીઓ સાથે તેમના વતન બાબત ચર્ચા કરી ગ્રામ્યજીવનનું વાતાવરણ તાદશ કરવું. ગામડાંનાં કેટલાંક દશ્યોનું વર્ણન શિક્ષકે પણ કરી બતાવવું. પ્રસ્તુત કૃતિના વિષયવસ્તુની છણાવટ પ્રશ્નોત્તર અને કથન દ્વારા કરવી. ખેતરનું વર્ણન ચાર્ટસની મદદથી કરાવી શકાય. શહેરી જીવનની ઝાકઝમાળથી ઝાંખી પડતી જતી ગામડાંની સંસ્કૃતિના જતન માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી શકાય.

# સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં ક્યા શબ્દો વપરાયા છે તે શોધો.**

(૧) પુષ્કળ (૨) અસ્થિર (૩) તોરીલું

(૪) ધમપછાડા (૫) હઠીલું (૬) પશ્ચિમ

**સ. ૨ પાઠમાં આવતા જોડશબ્દોની યાદી બનાવો.**

દા. ત. હાલકડોલક

**સ. ૩ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

(૧) વાડમાંથી જવા-આવવા માટે કરેલો માર્ગ -

(૨) સોનાના રંગ જેવું -

(૩) ખેતરના પાકના રક્ષણ માટે ઊભો કરેલો માણસ -

(૪) પંખીઓનો કર્ણપ્રિય મધુર અવાજ -

(૫) ચિંતા વગરનો -

**સ. ૪ જોડણી સુધારી શબ્દ ફરીથી લખો.**

(૧) પુળો (૨) ઉડાઉડ (૩) સુનમુન (૪) ધૂળીયો

**સ. ૫ ઉદાહરણ મુજબ શબ્દોની જોડી બનાવો.**

દા. ત. મોટું - નાનું

| | |
|---|---|
| (૧) આથમણી | છીછરો |
| (૨) પ્રસન્ન | હૃષ્ટપુષ્ટ |
| (૩) મૌન | ઊગમણી |
| (૪) દુબળો | અપ્રસન્ન |
| (૫) ઊંડો | વાચાળ |

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરીને વિધાન પૂર્ણ કરો.**

(૧) દીકરાએ -------- માં નોકરી મેળવવા ઉધામા કર્યા.

(અ) ગામમાં (બ) શહેરમાં (ક) વિદેશમાં

(૨) ખેતર વચ્ચે -------- ઊભેલો હતો.

(અ) ચાડિયો (બ) માણસ (ક) વાંસડો

(૩) ડામરના રસ્તાને -------- સાથે સરખાવ્યો છે.

(અ) ઢેફાં (બ) થોર (ક) અજગર

**સ. ૭ નીચેનાં વાક્યોને યોગ્ય ક્રમમાં ગોઠવો.**

(૧) દીકરાએ નોકરી મળી ગયાના સમાચાર બાપાને આપ્યા.
(૨) બાપાએ ઊંડો શ્વાસ ખેંચ્યો.
(૩) ખભે કોદાળી મૂકીને બાપા ચાલતા હતા.
(૪) દીકરો પ્રસન્ન દેખાતો હતો.

**સ. ૮ ચાલો સમજીને લખીએ.**

(૧) બાપાને થયેલો અફસોસ
(૨) છોકરાની વાતની ડોસા પર થયેલી અસર
(૩) બાપાએ જોયેલું દૃશ્ય

**સ. ૯ નીચેના શબ્દોના સથવારે ખેતરનું વર્ણન તમારા શબ્દોમાં લખો.**

(૧) ડાંગરની લહેરાતી ક્યારીઓ
(૨) ઘાસના પૂળાની ગંજી
(૩) ઢાળિયામાં વહેતું પાણી
(૪) ટ્રેક્ટર
(૫) લહેરાતું ઘાસ
(૬) કલરવ કરતાં પંખીઓ
(૭) ચાડિયો

**સ. ૧૦ નીચેનાં વાક્યોમાંથી વિશેષણ ઓળખીને તેની નીચે લીટી દોરો.**

(૧) બાપાએ ઊંડો શ્વાસ ખેંચ્યો.
(૨) વાડમાં મોટું છીંડું પડ્યું હતું.
(૩) શહેરની આથમણી દિશા ભણી પવન વાઈ રહ્યો હતો.
(૪) દીકરાનો ચહેરો પ્રસન્ન લાગતો હતો.
(૫) ઢાળિયામાં મબલક પાણી વહેતું હતું.

**સ. ૧૧ વચન બદલો.**

(૧) ચાડિયો (૨) ઢેફું (૩) છીંડું
(૪) પંખી (૫) ઝૂલો

તમારે ભવિષ્યમાં શું બનવું છે? તે વિશે તમારા પપ્પા સાથે સંવાદ સાધો. પછી વર્ગમાં તે કહી બતાવો.

## પ્રકલ્પ

ખેતરમાં ખેડૂતને ઉપયોગી થાય તેવા દરેક પ્રકારના ઓજારો દોરો, તેનાં નામ લખો. તે ચાર્ટ વર્ગમાં લગાડો.

# લેખન કૌશલ્ય



## ભાષાંતર

**ભાષાંતર કરવું એ એક કલા છે. કોઈપણ ભાષાનું ભાષાંતર કરીએ તેમાં બંને ભાષાની ઊંડી જાણકારી અને સમજ હોવી ખૂબ જરૂરી છે.**

અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ગુજરાતી પુસ્તકનો અભ્યાસ ફક્ત એક વિષય તરીકે જ કરવાનો હોવાથી અંગ્રેજી ભાષાનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનો મહાવરો કેળવવો જોઈએ. ઉદાહરણ જોઈએ તો – There is little water in the jug. કૂંજામાં પાણી થોડું જ છે. He is a little boy. તે નાનો છોકરો છે. બંને વાક્યોમાં little શબ્દના અર્થનો તફાવત ધ્યાનમાં રાખો.

**નીચેનાં વાક્યોનો ગુજરાતીમાં અનુવાદ કરો.**

(૧) Never leave on tomorrow, which you can do today.
(૨) The birds were chirping early in the morning.
(૩) Modern technology has made our living simple and easier.
(૪) An apple a day keeps the doctor away.
(૫) What is your plan for the future or your dream?
(૬) Nature is God's gifts.
(૭) Do not put blind faith in the words of cunning people.
(૮) Never feel jealous of anybody's good position.
(૯) Unity is strength.
(૧૦) One best book is equal to hundred good friends but one good friend is equal to library.

## ચિત્રવર્ણન

નીચેના ચિત્રનું નિરીક્ષણ કરીને તમારા શબ્દોમાં ૮ થી ૧૦ લીટીમાં વર્ણન કરો.
સ્વચ્છતા અભિયાન અંગે જાગૃતતા.




**શહેરના ઝાકઝમાળ કરતાં ગામડાંની શાંતિ વધુ સારી.**

# ૫ ના... ના... પ્લાસ્ટિક નહિ જ...

દિવ્યાશા દોશી

**દિવ્યાશા દોશી :** જન્મભૂમિ અને કર્મભૂમિ મુંબઈ છે. છેલ્લા ૨૫ વર્ષોથી પત્રકારત્વના દરેક ક્ષેત્રે સક્રિય છે. મેગેઝિનના સંપાદક તરીકે પણ કાર્ય કર્યું છે. સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે. તેમના નારી વિષયક લેખોનું સંકલન કરતું પુસ્તક ''આજની નારી'' પ્રકાશિત થયું છે.

હરિભાઉ પાધ્યેના 'બાપુકથા' પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. તેમની ખાસ વિશેષતા એટલે વાણિજય ક્ષેત્રે સ્નાતક થયા હોવા છતાં સાહિત્યમાં તેમનું પ્રદાન અનન્ય ગણી શકાય.

પ્રસ્તુત કૃતિમાં પ્લાસ્ટિકના પ્રદૂષણ વિશે વિશદ માહિતી આપેલી છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ખરેખર ટાળવો જોઈએ એમ દઢતાપૂર્વક માન્યતા ધરાવતા લોકો પણ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળી શકતા નથી. તે કેવી વિડંબણા છે! આ કૃતિમાં પ્લાસ્ટિકના અતિરેકને ટાળવાના કેટલાક ઉપાયો પણ બતાવ્યા છે. વળી આ બાબતમાં થયેલા સર્વેક્ષણની અને એ સર્વેક્ષણના અંતે મળેલી આંકડાકીય માહિતી પણ અહીં આપેલી છે. આ કૃતિમાં ડિસ્પોઝેબલ વસ્તુઓના શોખીનોને સરસ મજાનો બોધ મળી રહે તે રીતે માહિતી આપેલી છે. આ માહિતીપ્રધાન કૃતિમાંથી મેળવેલી માહિતીનો જીવનમાં સકારાત્મક ઉપયોગ કરવાનો છે. અહીં લેખિકાએ 'પ્લાસ્ટિકની પારાયણ' વિશે લોકોને જાગૃત કર્યા છે.

---

ચોમાસામાં જુહુના દરિયાકિનારે જાઓ તો ખારથી અંધેરી સુધીનો રેતીનો લાંબો પટ પ્લાસ્ટિકના કચરાથી છવાઈ ગયો હોય. દૂધની કે અન્ય થેલી, કાંસકા, ટાયર,પેન વગેરે અનેક પ્લાસ્ટિકના પદાર્થોના કિનારા પર ઢગ ખડકાયા હોય. ઈંગ્લીશ ફિલ્મમેકર જૉ રક્સટોને 'પ્લાસ્ટિક ઓસન' નામે ફિલ્મ બનાવીને લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા છે.

પ્લાસ્ટિક પર્યાવરણ માટે ખરાબ છે તે આપણે સૌ જાણીએ છીએ. પરંતુ તેનો ઉપયોગ કરવાનું બંધ થવાને બદલે વધી રહ્યું છે. પ્લાસ્ટિકનો ઉપયોગ આપણાં જીવન સાથે એટલો વણાઈ ગયો છે કે તેના વિના હવે માનવને ચાલતું જ નથી. તે એટલી હદે કે વિશ્વમાં દર વરસે ૨૮ કરોડ ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થાય છે. તેમાંથી મોટા ભાગનું પ્લાસ્ટિક પર્યાવરણમાં ખડકાય છે. આજે પૃથ્વીમાં એક એવું સ્થળ શોધવું મુશ્કેલ છે કે જ્યાં પ્લાસ્ટિક ન હોય. જૉ રક્સટોનના અભ્યાસ મુજબ લગભગ ૮ કરોડ ટન પ્લાસ્ટિક દર વરસે સમુદ્રમાં ઠલવાય છે. સમુદ્રમાં જે પ્લાકટોન જૈવિક વનસ્પતિ અથવા પ્રાણીઓ દ્વારા ત્યાગવામાં આવેલ પદાર્થ જે સપાટી પર તરતા હોય છે તેના પ્રમાણમાં હવે પ્લાસ્ટિકનું પ્રમાણ પણ વધી રહ્યુ છે. જો આવી જ રીતે પ્લાસ્ટિક સમુદ્રમાં ખડકાતું રહેશે તો, વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, ૨૦૫૦ ની સાલ સુધીમાં માછલીઓ પાણીમાંથી લુપ્ત થઈ જશે.

સુંદર સમુદ્રનાં દશ્યો પછી ફોટાઓ અને વીડિયોમાં જ જોવાના રહેશે. આજે પણ જે સુંદર સમુદ્રની ફિલ્મો આપણને જોવા મળે છે તેનું શુટિંગ કરતાં પહેલાં ક્રૂ મેમ્બરોએ કલાકો સુધી કિનારાની ને સમુદ્રના તળની સફાઈ કરવી પડતી હોય છે.

પ્લાસ્ટિકમાંથી છૂટતાં કેમિકલ આપણા સ્વાસ્થ્યને તો નુકસાન કરી જ રહ્યા છે, પરંતુ પ્લાસ્ટિકનો કચરો ખડકીને આપણે પર્યાવરણને ખતમ કરવા પર તુલ્યા છીએ એવું ચોક્કસ જ કહી શકાય. પ્લાસ્ટિક બાયોડિગ્રેડેબલ નથી હોતું એટલે કે તેનો નાશ નથી થઈ શકતો. એટલે વિશ્વમાં જે કરોડો ટન પ્લાસ્ટિક ઉત્પાદિત થાય છે તેને જો રિસાઇકલ ન કરવામાં આવે તો સમુદ્રમાં પણ તેના ડુંગરાઓ ખડકાશે. દરિયો પોતાના પેટમાં કચરો સંઘરતો નથી એટલે ભરતીમાં અનેક કચરાઓ કિનારાઓ પર પથરાયેલા આપણે જોઈએ છીએ. સુંદર દરિયા કિનારાને દરિયો નથી બગાડતો પણ આપણે જ નષ્ટ કરીએ છીએ. કિનારા પર પથરાયેલા કચરા કરતાં હજી અનેક ગણો કચરો સુમદ્રમાં તરતો રહે છે. તેનાથી ડોલ્ફિન, સીલ માછલીઓ સહિત અનેક જળચર પ્રાણીઓ ઘવાય છે. ગાયના પેટમાંથી પ્લાસ્ટિકની થેલીઓ નીકળી હોવાના કિસ્સાઓથી આપણે ટેવાઈ ગયા છીએ. માછલીઓના પેટમાં પણ હવે પ્લાસ્ટિકનું ટોક્સિક અને પ્લાસ્ટિક જમા થઈ રહ્યું છે. જૉ રકસટોનની ફિલ્મ પ્લાસ્ટિક ઓસનમાં અનેક દશ્યો જોવા મળશે જેમાં માણસોએ સમુદ્રમાં ખડકેલા પ્લાસ્ટિકના ઢગલાઓ જોવા મળશે કે પ્લાસ્ટિકના કચરામાં ફસાયેલી માછલીઓ કે ઘવાયેલી માછલીઓ જોવા મળે. સમુદ્રમાં પ્લાસ્ટિકની દોરીઓ, મોટા ક્રેટ, પેરાશૂટ, ફુટ્યા વિનાના બોમ્બ વગેરે સાથે હજારો પ્લાસ્ટિક બોટલો, થેલીઓ તો ખરી જ. આપણે પણ આજે પશ્ચિમની દેખાદેખી ડિસ્પોઝેબલ લાઈફ સ્ટાઇલ અપનાવી રહ્યા છીએ. ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક લાંબા ગાળે આપણને જ નડવાનું છે તે ભૂલી જઈએ છીએ. એ લાંબો ગાળો વરસોથી શરૂ થઈ ગયો છે એટલે જ જ્યાંને ત્યાં પ્લાસ્ટિક દેખાઈ રહ્યું છે. ઉનાળામાં પાણીની તરસ વધુ લાગે અને વધુને વધુ લોકો પ્લાસ્ટિકની બોટલોનું પાણી ખરીદશે અને પીશે.

આપણે ત્યાં ૨૦૦૭માં એસએનડીટી યુનિવર્સિટીના બી. દાસગુપ્તા અને એસ. ખુરાનાએ મુંબઈમાં કમર્શિયલ એકમો દ્વારા પ્લાસ્ટિક બોટલો કેટલી વપરાય છે તેનો અભ્યાસ કર્યો હતો. તે પ્રમાણે મહિનાની લગભગ ૨૫ લાખ પ્લાસ્ટિક બોટલો વપરાઈ જેનો સોફ્ટ ડ્રિન્ક અને પાણી ભરવામાં ઉપયોગ થયો હતો. જ્યારે અમેરિકામાં ૨૦૧૪માં થયેલા અભ્યાસ અનુસાર ત્યાં વ્યક્તિ દીઠ વરસની ૩૧૫ બોટલ વેચવામાં આવી તેવો અંદાજ મળ્યો હતો. આ બધા આંકડા રિસાઈકલિંગ યુનિટ તરફથી અંદાજવામાં આવ્યા છે. બીજું એક સત્ય જાણવા જેવું છે કે બોટલમાં મળતાં પાણીનું ઉત્પાદન કરવા માટે છગણું વધુ પાણી વપરાય છે. હવે તો દરેક પ્રવાહી પ્લાસ્ટિકની બોટલોમાં જ વેચાય છે. ભારતમાં તો સોફ્ટ ડ્રિન્કની બોટલ અને પાણીની બોટલોમાં ફરી ફરી પાણી ભરીને વાપરવામાં આવે છે જે સ્વાસ્થ્ય માટે નુકસાનકાર સાબિત થઈ શકે છે. આ બોટલો બનાવવા માટે પેટ પ્લાસ્ટિક વપરાય છે. વારંવાર એ બોટલમાં પ્રવાહી ભરીને વાપરવાથી તેમાં બેકટેરિયા પેદા થાય છે તેમ જ એ પ્લાસ્ટિકને વાંરવાર વાપરવાથી રસાયણ છૂટું પડીને પ્રવાહીમાં ભળે છે. તેથી એકવાર વપરાયા બાદ આ બોટલોને ક્રશ કરીને ફેંકી દેવી જોઈએ. આ બોટલો મોટે ભાગે રિસાઇકલ થઈ શકે છે.

દરેક પ્લાસ્ટિક કંટેનર કે બોટલની નીચે ત્રિકોણાકારની સાથે નંબર લખેલો હોય છે. પેટ ૨ નંબર લખેલું પ્લાસ્ટિક દૂધ, ડીટરજન્ટ કે બટર કંટેનર તરીકે વપરાય છે. તેને ફરીને વાપરી શકાય છે. તે જોખમી નથી હોતું.

માઈક્રોવેવમાં કોઈપણ પ્લાસ્ટિક ન વાપરવું જોઈએ. કારણ કે કોઈપણ પ્લાસ્ટિક ગરમ થતાં તેમાંથી કેટલાંક રસાયણો છૂટાં પડીને તેમાં રાખેલા ભોજનમાં ભળી જાય છે.

પ્લાસ્ટિકનો ઉપયોગ શક્ય તેટલો ન કરવો એ જ હિતાવહ છે. એક જમાનો હતો જ્યારે આપણે ત્યાં માટીના, કાચના અને સ્ટેઈનલેસ સ્ટીલનાં વાસણો અને ડબ્બાઓનો ઉપયોગ થતો હતો. જો કે હવે વિશ્વભરમાં જાગૃત વ્યક્તિઓ પ્લાસ્ટિકનો ઉપયોગ સભાનપણે ઓછો કરી રહ્યા છે. પ્લાસ્ટિકની થેલીઓને કારણે ગટરો ચોકઅપ થતાં પૂરની સ્થિતિ મુંબઈગરાઓએ અનુભવી જ છે. આમ તો સમુદ્ર મોટેભાગે પોતાના પેટમાં કશું સંઘરતો નથી. પ્લાસ્ટિક પણ કિનારાઓ પર સાભાર પરત પાથરી દે છે તે છતાં પાણીમાં ગરમ થઈને અનેક રસાયણો સમુદ્રના પાણીને ટોક્સિક બનાવી દે છે જે જળચર પ્રાણીઓના સ્વાસ્થ્યને નુકસાન કરે છે. તેના સૌંદર્યને નુકસાન કરે છે. પર્યાવરણને નુકસાન કરે છે જે છેવટે મનુષ્ય જાતિને જ નુકસાન કર્તા ઠરે છે. કઈ રીતે તે જોઈએ.

- આપણે જે ઓક્સિજન શ્વાસમાં લઈએ છીએ તેનો ૭૦ ટકા ઓક્સિજન સમુદ્ર પેદા કરે છે.
- આપણે જે સીઓટુ એટલે કે કાર્બન પેદા કરીએ છીએ તેમાંથી ૩૦ ટકા કાર્બન સમુદ્ર શોષી લે છે.
- ૨૦૦૭ની સાલમાં ૨.૧૨ બિલિયન ટન પ્લાસ્ટિક આપણે સમુદ્રમાં ઠાલવ્યું છે.
- ૨૦૧૦માં ૨૧૫ મિલિયન મેટ્રિક ટન પ્લાસ્ટિક સમુદ્રમાં ઠલવાયું હોવાના આંકડા મળે છે.
- ૨૦૧૪, મેક્સિકો ગલ્ફનો ૪૦૦૦ સ્કેવર માઈલનો વિસ્તાર પ્રદૂષણને કારણે જીવસૃષ્ટિ રહિત બની ગયો છે દુનિયામાં આવા બીજા ૪૦૦ કરતાં વધુ ડેડઝોન સમુદ્રમાં ઊભા થયા છે અને તે પ્લાસ્ટિક પ્રદૂષણને કારણે જ. દર વરસે લાખો ટન કચરો જે સમુદ્રમાં ઠલવાઈ રહ્યો છે તેમાં પ્લાસ્ટિક પણ છે જેની આવરદા હોય છે ૪૦૦ વરસ.

જે પ્લાસ્ટિક સમુદ્રમાં નથી તે જમીનમાં દટાય છે કે પછી બાળી નાખવામાં આવે છે. દરેક રીતે તે આપણને નુકસાન જ પહોંચાડે છે.


એવું નથી કે અત્યાર સુધી પ્લાસ્ટિકના આ ઢગલાઓને ઓછા કરવા દુનિયામાં કશું જ નથી થયું. પ્લાસ્ટિકને રિસાઈકલ કરવામાં આવે છે પણ હજી સુધી ઘરવપરાશના ૧૨ ટકા પ્લાસ્ટિકને જ રિસાઈકલ કરવામાં આવે છે ૨૦૧૦ની સાલમાં વારવિક યુનિવર્સિટીએ પ્લાસ્ટિકને રિસાઈકલ કરીને ફ્યુલ બનાવવાની પ્રક્રિયા શોધી કાઢી છે. અમેરિકન નેવી અને કેટલીક ક્રુઝ પોતાના પ્રવાસ દરમિયાન વપરાતું પ્લાસ્ટિક ૫૦૦૦ સેન્ટિગ્રેડની ગરમીએ ગરમ કરી તેને ફરીથી વાપરવા માટે તૈયાર કરે છે. કેનેડિયન કંપનીએ પ્લાઝમા પ્લાન્ટ દ્વારા એક સાથે ૧૦૦ કરોડ ટન પ્લાસ્ટિક રિસાયકલ કરવાનું શરૂ કર્યું છે. ડચ વ્યવસાયિક એવું સાધન બનાવી રહ્યો છે કે તે દુનિયાના સમુદ્રમાંથી લાખો ટન પ્લાસ્ટિકનો કચરો જમા કરશે. જર્મની જેવા કેટલાક દેશોમાં એવા કાયદા છે કે જે કંપનીઓ પ્લાસ્ટિક પેદા કરે તે જ એના કચરાનો નિકાલ કરવા જવાબદાર હોય. કંપનીના પ્લાસ્ટિક કચરાના કલેક્શન યુનિટો ઠેર ઠેર રાખવામાં આવ્યા જ હોય. ૨૦૧૩ની સાલમાં પેરુના લિમા શહેરમાં એક સામાજિક કાર્યકરે પ્લાસ્ટિક બૅંક

શરૂ કરી જેમાં લોકો પ્લાસ્ટિક નાખી જાય. તે પ્લાસ્ટિકને રિસાઈકલ કરવામાં આવે. વૈજ્ઞાનિકો અને અભ્યાસુઓ કહી રહ્યા છે કે આપણે એટલે કે માનવજાતે સમજવાની જરૂર છે કે પ્લાસ્ટિક ડિસ્પોઝેબલ નથી. આપણે આ બધા પેકેજિંગની જરૂર નથી. ૧૯૬૦ની સાલમાં આપણે ૮૦ લાખ ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન કર્યુ હતું. આજે ૩૦ કરોડ ટન પ્લાસ્ટિકનું ઉત્પાદન થઈ રહ્યું છે. કલ્પના કરો કે થોડાં જ વરસોમાં આપણે પ્લાસ્ટિકના સમુદ્રમાં હોઈશું. પૃથ્વીને નષ્ટ કરવામાં પ્લાસ્ટિક કારણભૂત બને તો નવાઈ નહિ.

## માર્ગદર્શક સ્તંભ

આ કૃતિનું અધ્યયન કરાવતાં પહેલાં જુદાજુદા પ્રદૂષણ વિશે ચર્ચા કરવી. પ્રદૂષણથી થતાં નુકસાનની ચર્ચા કરવી. દરેક પ્રકારના પ્રદૂષણથી વાકેફ કરી તે દરેકને ટાળવાના જુદાજુદા ઉપાયો વિશે વર્ગમાં સક્રિય ચર્ચા કરવી. આ ચર્ચા સાથે પ્લાસ્ટિકના પ્રદૂષણની વાતો કરવી. પાઠના અનુસંધાનમાં જરૂરી લાગે તે માહિતી આપવી અને અન્ય માહિતી પ્રશ્નો પૂછીને જવાબરૂપે વિદ્યાર્થીઓ પાસેથી પણ મેળવવી. માહિતીપ્રધાન પાઠ હોવાથી તેનું અધ્યયન કરાવતાં અગાઉ તે સંબંધી ચોક્કસ પ્રશ્નો આપીને વિદ્યાર્થીઓ સ્વયં અધ્યયન કરવા પ્રેરાય તે રીતે ઉપક્રમ આપવા.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) ચેતના (૨) આરોગ્ય (૩) નુકસાનકારક (૪) પૂરવાર
(૫) વિસ્તાર (૬) પ્રાણવાયુ (૭) લાભદાયી (૮) લગભગ

**સ. ૨ યોગ્ય રીતે જોડો.**

| અ | બ |
|---|---|
| (૧) પશ્ચિમ | (અ) જવાબદાર |
| (૨) ઉધાર | (બ) પૂર્વ |
| (૩) નફો | (ક) જમા |
| (૪) બેજવાબદાર | (ડ) સુરક્ષિત |
| (૫) જોખમી | (ઈ) નુકસાન |

**સ. ૩** પાઠમાં આવેલા બધા અંગ્રેજી શબ્દોની યાદી બનાવી તેના ગુજરાતી શબ્દો શબ્દકોશનો ઉપયોગ કરીને લખો.

________ ________ ________
________ ________ ________
________ ________ ________
________ ________ ________

**સ. ૪ નીચેના શબ્દસમૂહો માટે યોગ્ય ક્રિયાદર્શક શબ્દ પાઠમાંથી શોધીને લખો.**

(૧) એક પાત્રમાંથી બીજામાં નાંખવું ________

(૨) કોઈપણ વસ્તુનો ઢગલો થવો. ________

(૩) વસ્તુ કે પદાર્થ ભેગા કરવા. ________

(૪) શારીરિક કે માનસિક ઈજા થવી. ________

(૫) કોઈના કામમાં બાધારૂપ બનવું. ________

(૬) જમીનમાં વસ્તુ દબાઈને ઉપર માટીથી ઢંકાઈ જવું. ________

(૭) પ્રવાહી પદાર્થનું ચુસાઈ જવું. ________

**સ. ૫ નીચેના શબ્દચોરસમાં ગણિતના સ્થાનદર્શક એકમો આડા-ઊભા-ત્રાંસા-ઊંધા છે તેને શોધી તેની ફરતે ⬭ કરો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| દ | સ | હ | જા | ર | અ | સો |
| ડ | સ | શ | સ | બં | દ | જ |
| બિ | રો | ક | જ | હ | સ | બ |
| સ્ત્ર | લિ | ક | રો | ત | લા | અ |
| ક | મિ | ય | સ | ડ | ખ | સ |
| હ | જા | ર | ન | દ | લા | દ |

જવાબો : (૧) દસ હજાર (૨) સો (૩) હજાર (૪) લાખ (૫) દસ (૬) કરોડ (૭) અબજ (૮) દસલાખ
(૯) દસ કરોડ (૧૦) બિલિયન (૧૧) દસ અબજ

**સ. ૬ યોગ્ય વિકલ્પ પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.**

(૧) જુહુના દરિયાકિનારે ખારથી અંધેરી સુધીના લાંબા પટ પર ________.

(અ) રેતી ને રેતીના ઢગ જોવા મળે છે.

(બ) પ્લાસ્ટિકની થેલી, ડબ્બા, ટાયર, પેનના કચરા જોવા મળે છે.

(ક) ખાવા પીવાની લારીઓ અને તેનો એઠવાડ જોવા મળે છે.

(૨) રોજબરોજના જીવનમાં માણસોને ________.

(અ) પ્લાસ્ટિકના ઉપયોગ વિના ચાલતું નથી.

(બ) પ્લાસ્ટિકનો કચરો વધાર્યા વિના ચાલતું નથી.

(ક) પ્લાસ્ટિક ભેગું કર્યા વિના ચાલતું નથી.

(૩) વૈજ્ઞાનિકોનું કહેવું છે કે જો સમુદ્રમાં પ્લાસ્ટિક ખડકાતું રહેશે તો ________

(અ) સમુદ્રનું પાણી પ્રદુષિત થતાં તેનું બાષ્પીભવન અટકી જશે.

(બ) સમુદ્રમાંના જળચર પ્રાણીઓનું સ્વાસ્થ્ય બગડી જશે.

(ક) જતે દહાડે માછલીઓ પાણીમાંથી લુપ્ત થઈ જશે.

(૪) સમુદ્રના કિનારે કચરાના ઢગલા જોવા મળે છે. કારણ કે ________

(અ) સમુદ્ર કચરો સંઘરતો ન હોવાથી ભરતીમાં કચરો કિનારા પર પાથરે છે.

(બ) સમુદ્ર કિનારે લારીવાળા પણ કચરો ઠાલવે છે.

(ક) કંપનીઓ પણ ગંદુ પાણી અને કચરો ઠાલવે છે.

(૫) વારંવાર એકની એક બોટલમાં પ્રવાહી ભરી વાપરવાથી તેમાં ________


(અ) બેક્ટેરિયા પેદા થાય છે.

(બ) શેવાળ ઉત્પન્ન થાય છે.


(ક) રસાયણ છૂટ્ટું પડી પ્રવાહીમાં ભળે છે.

## સ. ૭ વિચારીને લખો.


(૧) એક જમાનામાં વાસણોનો ઉપયોગ થતો હતો.



(૨) પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવવા કરી શકાય.



(૩) ટોક્સિક પાણીથી થતી વિપરીત અસર



**સ. ૮ પાઠના એક પરિચ્છેદના આધારે નીચેનાં વાક્યોને ક્રમમાં ગોઠવો.**

(૧) પ્લાસ્ટિકની થેલીઓથી ગટરો, ચોકપ થવાથી પૂરની સ્થિતિ નિર્માણ થાય છે.
(૨) સમુદ્રનું ટોક્સિક પાણી જળચર પ્રાણીઓના સ્વાસ્થ્યને નુકસાન કરે છે.
(૩) જાગૃત વ્યક્તિઓ પ્લાસ્ટિકનો ઉપયોગ સભાનપણે ઓછો કરી રહ્યા છે.
(૪) સમુદ્ર પ્લાસ્ટિક કિનારા પર સાભાર પરત પાથરી દે છે.
(૫) પ્લાસ્ટિકનો ઉપયોગ શક્ય તેટલો ન કરવો એ જ હિતાવહ છે.

**સ. ૯ રેખાંકિત શબ્દો જવાબ આવે તેવા પ્રશ્નો બનાવો.**

(૧) બી. દાસગુપ્તા અને એસ. ખુરાના એસએનડીટી યુનિવર્સિટી સાથે સંકળાયેલા હતા.
(૨) બોટલમાં મળતાં પાણીના ઉત્પાદન માટે છ ગણું વધુ પાણી વપરાય છે.
(૩) પાણીની બોટલો બનાવવા માટે પેટ પ્લાસ્ટિક વપરાય છે.
(૪) માઈક્રોવેવમાં કોઈપણ પ્લાસ્ટિક વાપરવું ન જોઈએ.
(૫) સમુદ્રમાં ઠલવાતા પ્લાસ્ટિકની આવરદા ૪૦૦ વરસ છે.

**સ. ૧૦ (અ) સાલ લખો.**

(૧) એક સામાજિક કાર્યકરે પ્લાસ્ટિક બેંક શરૂ કરી. [ ]
(૨) ૨૧૨ બિલિયન ટન પ્લાસ્ટિક સમુદ્રમાં ઠલવાયું. [ ]
(૩) વારવિક યુનિવર્સિટિએ પ્લાસ્ટિકના રિસાયકલ દ્વારા ફ્યુલ બનાવવાની પ્રક્રિયા શોધી કાઢી. [ ]
(૪) મેક્સિકોનો ગલ્ફ વિસ્તાર જીવસૃષ્ટિ રહિત બન્યો. [ ]
(૫) ૨૧૫ મિલિયન મેટ્રિક ટન પ્લાસ્ટિક સમુદ્રમાં ઠલવાયું. [ ]
(૬) અમેરિકામાં વ્યક્તિદીઠ ૩૧૪ બોટલ એક વરસમાં વેચાઈ હતી. [ ]

**(બ) કેટલું, કેટલી, કેટલો, કેટલાં તે લખો.**

(૧) કેનેડિયન કંપનીએ પ્લાઝમા પ્લાન્ટ દ્વારા પ્લાસ્ટિક રિસાયકલ કરવાનું શરૂ કર્યું. [ ]
(૨) ૨૦૦૭માં મુંબઈમાં પ્લાસ્ટિક બોટલો વપરાઈ હતી. [ ]
(૩) શ્વાસમાં લેવાતો ઑક્સિજન સમુદ્ર પેદા કરે છે. [ ]
(૪) આપણને મળતું પાણી સમુદ્ર આપે છે. [ ]
(૫) દુનિયાભરમાં સમુદ્રમાં ડેડઝૉન ઊભા થયેલા છે. [ ]
(૬) ઘરવપરાશનું પ્લાસ્ટિક રિસાઈકલ થાય છે. [ ]

**સ. ૧૧** પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ ટાળવા તમે શા પગલા લેશો? તે ટૂંકમાં લખો.

**સ. ૧૨ (અ) કૌંસમાં આપેલા સર્વનામનું યોગ્ય રૂપ ખાલી જગ્યામાં ભરો.**

(૧) પ્લાસ્ટિકનો ઉપયોગ (આપણે) ________ જીવન સાથે વણાઈ ગયો છે.

(૨) (અમે) ________ પ્લાસ્ટિક પ્રકલ્પને પહેલું ઈનામ મળ્યું.

(૩) (તમે) ________ બધાએ પ્લાસ્ટિક બોટલનું પાણી પીવાનું ટાળવું જોઈએ.

(૪) (તે) ________ પ્લાસ્ટિક પ્રદુષણ પર લેખ લખ્યો.

(૫) (હું) ________ ઘરમાં પ્લાસ્ટિકની જગ્યાએ કાચ અને સ્ટીલનાં વાસણો વપરાય છે.

**(બ) કૌંસમાં આપેલા ક્રિયાપદનું યોગ્ય રૂપ ખાલી જગ્યામાં લખો.**

(૧) પ્લાસ્ટિકને વારંવાર (વાપરવું) ________ થી રસાયણ છૂટું પડીને પ્રવાહીમાં ભળે છે.

(૨) પ્લાસ્ટિકને રિસાયકલ કરીને ફ્યુઅલ (બનાવવું) ________ પ્રોસેસ શોધી કાઢ્યો છે.

(૩) સમુદ્ર પોતાના પેટમાં કશું (સંઘરવું) ________ નથી.

(૪) પ્લાસ્ટિના કચરામાં (ફસાવું) ________ માછલીઓ જોવા મળે છે.

(૫) આજના જુવાનો બહારનું (ખાવું, પીવું) ________ સ્વાસ્થ્ય બગાડે છે.

**સ. ૧૩ (અ)** 'દુર' પૂર્વગ 'અયોગ્ય, ખોટું' નો અર્થ દર્શાવે છે. દા.ત. ઉપયોગ – દુરુપયોગ

(૧) બુદ્ધિ – (૨) ગંધ – (૩) ઘટના – (૪) ગતિ –

**(બ)** 'અન' નકાર, અભાવનો અર્થ દર્શાવતો પૂર્વગ છે. દા.ત. અધિકૃત – અનધિકૃત

(૧) આસક્તિ – (૨) અર્થ – (૩) આવશ્યકતા – (૪) ઈચ્છા –

**(ક)** નીચેના વિશેષણ પરથી નામ બનાવો. દા. ત. વ્યવસાયિક – વ્યવસાય

(૧) વૈજ્ઞાનિક – (૨) ઐતિહાસિક – (૩) સામાજિક – (૪) ભૌગોલિક –

વર્ગના વિદ્યાર્થીઓના ૪ જૂથ પાડો. દરેક જૂથ નીચેનામાંથી એક – એક વિષય ઉપર ચર્ચા કરો.

(૧) હવાનું પ્રદૂષણ

(૨) પાણીનું પ્રદૂષણ

(૩) ધ્વનિનું પ્રદૂષણ

(૪) પ્લાસ્ટિકનું પ્રદૂષણ

## પ્રકલ્પ

ઈન્ટરનેટની મદદથી પ્લાસ્ટિકના ઉપયોગને ટાળવા માટેના સુંદર અને વિવિધ ભાષાઓમાં સ્લોગનો તૈયાર કરીને વર્ગમાં તેનું પ્રદર્શન યોજો.



## વિશેષ વાંચન

### જુદી રીતે વિચારો...

સદીઓ પહેલાં ઈટાલીના એક નાનકડા ગામમાં વેપારી રહેતો હતો. એકવાર વેપારમાં તેને ખાસ્સી ખોટ ગઈ અને ઉધાર લીધેલાં નાણાં પણ તે પરત ન કરી શક્યો. નાણાં ધીરનાર વ્યક્તિ દેખાવમાં અને સ્વભાવમાં બંને રીતે કદરૂપો હતો. વેપારીની દીકરી સુંદર હતી. નાણાં ધીરનારની નજર તેના પર બગડી અને તેણે શરત મૂકી કે જો વેપારી પોતાની દીકરીને તેને પરણાવે તો તે બધું લેણું માફ કરી દે. આ સાંભળીને વેપારી અને તેની દીકરી નિરાશ થઈ ગયાં. નાણાં ધીરનાર વ્યક્તિએ કહ્યું કે ચાલો એક તક આપું, હું એક થેલીમાં બે પથરા મૂકીશ સફેદ અને કાળો. તમારી દીકરી તેમાં જોયા વિના એક પથ્થર ઉપાડે. જો તેના હાથમાં કાળો પથ્થર આવે તો તે મને પરણશે. સફેદ પથ્થર આવે તો મને પરણવાની જરૂર નથી. હું તમારું લેણું માફ કરી દઈશ. ત્રીજું જો તે પથ્થર ઉપાડવાની ના પાડશે તો તેના પિતાને જેલમાં પૂરી દેવામાં આવશે.

એ લોકો પેલી વ્યક્તિના બગીચામાં પથ્થરોવાળા રસ્તા પર ઊભાં હતાં. નાણાં ધીરનારે એક થેલી લીધી અને વાંકા વળીને તેણે સિફતથી બે કાળા પથ્થર થેલીમાં નાંખ્યા. વેપારીની છોકરીની ચાલાક નજરે એ વાત નોંધી. એનો અર્થ એ જ હતો કે એ વ્યક્તિ લુચ્ચાઈ કરી રહી હતી. તે કોઈ તક વેપારીને આપવા માંગતો જ નહોતો.

ધારો કે તમે છોકરીની જગ્યાએ હો તો તમે શું કરો ? હાલની પરિસ્થિતિમાં ત્રણ શક્યતાઓ વિચારી શકાય એમ છે.

૧. પથ્થર ઉપાડવાની ના પાડી દો.

૨. બેગમાંથી બે કાળા પથ્થર કાઢીને પેલી વ્યક્તિની લુચ્ચાઈને ખુલ્લી પાડી દો.

૩. બેગમાંથી કાળો પથ્થર લઈને પિતાને દેવામાંથી અને જેલમાં જતાં બચાવી લેવા પોતાની ઈચ્છાઓનો ભોગ આપો. શું આ ત્રણ સિવાય જુદી કોઈ રીત હોઈ શકે ?

આ વાર્તા આપણને લાગણીથી કે આવેશથી નહીં પણ બુદ્ધિથી વિચારતાં શીખવાડે છે. પેલી છોકરીએ થેલીમાં હાથ નાખી એક પથ્થર એવી રીતે કાઢ્યો કે તેનો રંગ જોઈ શકાય તે પહેલાં જ તેના હાથમાંથી નીચે પડીને બીજા પથ્થરોમાં ભળી ગયો. છોકરીએ ખૂબ દુઃખી હૃદયે કહ્યું કે મારાથી ભૂલ થઈ ગઈ. મારો તો હાથ ને નસીબ ભાંગેલા જ છે. પછી જરા અટકીને કહે, અરે કોઈ વાંધો નહીં. જો થેલીમાં જોશો તો એક પથ્થર તો છે જ. એ પથ્થર જે રંગનો હશે તેના પરથી ક્યો પથ્થર મેં ઉપાડ્યો હતો તે ખબર પડી જશે. થેલીમાં કાળો પથ્થર જ હતો એટલે પડી ગયો તે પથ્થર સફેદ હતો તેવું માનવું જ રહ્યું. અને નાણાં ધીરનાર વ્યક્તિ એવું તો નહીં જ કહે ને કે તેણે અપ્રમાણિકતા આદરીને બંને પથ્થર કાળા જ મૂક્યા હતા. આમ છોકરીએ જુદી રીતે વિચારીને હારેલી બાજી જીતી લીધી.

જ્યારે વિપરીત પરિસ્થિતિ હોય છે ત્યારે આપણે આવેશ અને લાગણીમાં તણાઈને ખોટા નિર્ણયો લઈ બેસતાં હોઈએ છીએ. અને પછી રોદણાં રડીએ છીએ, કે હમણાં નસીબ જ ખરાબ છે પણ જો સ્વસ્થ મને વિચાર કરીએ તો એવા રસ્તા મળે જે આપણને પરિસ્થિતિને અનુકૂળ કરી આપે કે પરિસ્થિતિ જ બદલી આપે. કોઈપણ સંજોગોમાં પહેલાં જ હારી જનાર વ્યક્તિ ક્યારેય જીતી શકતી નથી. તે સતત હારેલી જ રહે છે. પણ અંતિમ પળ સુધી હાર ન સ્વીકારનાર વ્યક્તિ પરિસ્થિતિને બદલવાની ક્ષમતા ધરાવતી હોય છે.

આઉટ ઑફ બોક્સ વિચારવાની આદત પાડવી જરૂરી છે.

**પ્રદૂષણ ટાળો – આવરદા વધારો**

# વિશેષ ઉપક્રમ

જુઓ. વિચારો અને ધ્યાનમાં રાખો.

| | |
|---|---|
| લાભાલાભ = લાભ + અલાભ | સર્વ + ઉત્તમ = સર્વોત્તમ |
| કિશોરાવસ્થા = કિશોર + અવસ્થા | રજની + ઈશ = રજનીશ |
| મહેન્દ્ર = મહા + ઈન્દ્ર | રવિ + ઈન્દ્ર = રવીન્દ્ર |
| મધુ + ઊર્મિ = મધુર્મિ | એક + અંત = એકાંત |
| વાત + આવરણ = વાતાવરણ | સ્વ + અધ્યાય = સ્વાધ્યાય |

ઉપરના દરેક શબ્દમાં બે-બે શબ્દો જોડાયા છે. બે શબ્દોના જોડાણને અને એક શબ્દને ધ્યાનમાં રાખો.

નીચેના શબ્દોને બે શબ્દના રૂપમાં લખો. (સંધિ છોડો)

| | | |
|---|---|---|
| (૧) સમાંતર | (૨) એકાકાર | (૩) વિદ્યાભ્યાસ |
| (૪) વિવેકાનંદ | (૫) જયેન્દ્ર | (૬) મહોદય |
| (૭) પરોપકાર | (૮) રામેશ્વર | (૯) ધર્મેન્દ્ર |
| (૧૦) કર્મેન્દ્રિય | (૧૧) પરીક્ષા | (૧૨) અવનીશ |
| (૧૩) મંત્રોચ્ચાર | (૧૪) ઉત્તમોત્તમ | |

નીચેના બે શબ્દોને જોડી એક શબ્દ બનાવો. (સંધિ જોડો)

| | |
|---|---|
| (૧) ચિંતા + આતુર | (૨) મહા + ઈશ |
| (૩) યોગ + ઈન્દ્ર | (૪) મહા + ઈચ્છા |
| (૫) કવિ + ઈશ્વર | (૬) લોક + ઉક્તિ |
| (૭) પુરુષ + ઉત્તમ | (૮) ભુવન + ઈશ્વર |
| (૯) નાગ + ઈશ્વર | (૧૦) રાજ + ઈશ્વર |
| (૧૧) જલ + આવરણ | (૧૨) બાહ્ય + આવરણ |
| (૧૩) આનંદ + ઊર્મિ | (૧૪) સિન્ધુ + ઊર્મિ |

# ભેજું કસો

આડાઅવળા અક્ષરો ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.

(૧) દ ન વે નિ = ..................................................

(૨) ર દ ઉ વા મે = ..................................................

(૩) તે રા ન ના મ લી = ..................................................

(૪) ર સૌ ર્ષ વ = ..................................................

(૫) દ ને વ ચં = ..................................................

(૬) પુ યુ રુ ગ ષ = ..................................................

(૭) મે નિ ષ અ = ..................................................

ઉપરના અર્થપૂર્ણ શબ્દો બનાવી લીધા પછી તે શબ્દોમાંથી નીચે મુજબના અક્ષરો પસંદ કરો.

(૧) ચોથો અક્ષર
(૨) બીજો અક્ષર
(૩) પહેલો અક્ષર
(૪) પહેલો અક્ષર
(૫) બીજો અક્ષર
(૬) બીજો અક્ષર
(૭) ત્રીજો અક્ષર

ઉપર પ્રમાણે પસંદ કરેલા અક્ષરો ભેગા કરીને જુઓ કે કઈ કહેવત બની? તે કહેવત નીચે લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|

તમને આવડતી અને ગમતી બીજી દસ કહેવતો લખો.

(૧) ..................................................

(૨) ..................................................

(૩) ..................................................

(૪) ..................................................

(૫) ..................................................

(૬) ..................................................

(૭) ..................................................

(૮) ..................................................

(૯) ..................................................

(૧૦) ..................................................

# ઉપક્રમ

## અર્થભેદ

કૌંસમાં આપેલા શબ્દમાંથી યોગ્ય શબ્દ લઈ વાક્યની ખાલી જગ્યા પૂરો.

(૧) કોયલબહેન સાથે કોઈ બોલે નહિ ............ કોઈ તેને કેરી પણ ખાવા ન આપે. (વડી / વળી)

(૨) કોયલબહેન તો ધ્રૂસકે ધ્રૂસકે ............ લાગ્યાં. (રડવા / રળવા)

(૩) હું માનવી માનવ થાઉં તો ............ (ઘણું / ગણું)

(૪) નદીમાં ઘણું ............ આવ્યું છે. (પુર / પૂર)

(૫) બાળકોમાં ............ નું સિંચન કરવું જોઈએ. (ગુણો / ગૂણો)

(૬) ............ દુઃખિયાને મદદ કરવી આપણી ફરજ છે. (દિન / દીન)

(૭) ............ મજૂરને માથે ભારો ચડાવ્યો? (કોણે / કોને)

(૮) આ કઈ ............ ચાલે છે? (સાલ / શાલ)

(૯) તેની ............ પહોળી થઈ ગઈ. (આખો / આંખો)

(૧૦) તેણે પાંચ રૂપિયામાં તરબૂચ ............ દીધું. (વહેંચી / વેચી)

(૧૧) બધાં સાથે મળીને સલાડની લિજ્જત ............ . (માણો / માનો)

(૧૨) રેલવેના ............ ઓળંગવામાં સાવચેતી રાખવી જોઈએ. (પાટા / પાડા)

(૧૩) માછલી પકડવાની ............ મોટી છે. (જાળ / ઝાળ)

(૧૪) જા, રાધા ! ............ બોલાવી લાવ. (કાનાને / કાણાને)

(૧૫) બે-ચાર લોકોને ............ તો કામ થઈ જાય. (મરો / મળો)

(૧૬) બધાં ............ મેળવીને ગાઓ. (સૂર / સુર)

(૧૭) તે કેટલા ............ ચાલ્યો હશે? (કોશ / કોસ)

(૧૮) કોયલબહેને કુંભારનું ............ જોઈ, તેને પૂછ્યું. (ઘર / ગર)

(૧૯) બાળકો ............ તો બધાંને બહુ ગમે. (હશે / હસે)

(૨૦) ............ પાસે જઈ રંગ લઈ આવ. (ચિતારા / સિતારા)

(૨૧) ખેડૂત ખેતરમાં ............ નો ઉપયોગ કરે છે. (કાતર / ખાતર)

(૨૨) કૌરવો ............ હતા. (સૌ / સો)

# ઉપક્રમ

નીચેની ક્રિયાઓને ક્રમમાં ગોઠવી ફરી લખો.

અ) (૧) રીસેસ પહેલાં ભાષા અને ગણિત ભણ્યા.
(૨) રીસેસમાં નાસ્તો કર્યો.
(૩) આપણે શાળામાં આવ્યા.
(૪) છૂટતાં પહેલાં રમતના મેદાનમાં રમતો રમ્યા.
(૫) સૌ પ્રથમ પ્રાર્થના કરી.

જવાબ : (૧) ..................................................
(૨) ..................................................
(૩) ..................................................
(૪) ..................................................
(૫) ..................................................

બ) (૧) શાકભાજી ધોઈને લૂછ્યાં.
(૨) મમ્મીએ સ્વાદિષ્ટ શાક બનાવ્યું.
(૩) બજારમાંથી લીલાં શાકભાજી લાવ્યા.
(૪) રોટલી સાથે હોંશે હોંશે શાક ખાધું.
(૫) દાદીએ શાક સમાર્યું.

જવાબ : (૧) ..................................................
(૨) ..................................................
(૩) ..................................................
(૪) ..................................................
(૫) ..................................................

## શિક્ષક સાથે સંવાદ

ખેતીની પ્રક્રિયા, મુસાફરીની તૈયારી, તહેવારોની ઉજવણી, રમતગમત, વર્ષગાંઠ ઉજવણી, પોતાના દેશ - રાજ્ય - શહેર - વિસ્તાર - ઘર જેવા વિષયો લઈ આ પ્રમાણે મહાવરો કરાવવો.

# માર્ગદર્શક કૃતિપુસ્તિકા

'વૃદ્ધો : આપણો વારસો' પાઠમાંથી નીચેના ગદ્યખંડનું ધ્યાનપૂર્વક વાંચન કર્યા પછી અહીં આપેલી કૃતિઓ કરો.

ગદ્યખંડ - જાપાનની એક લોકકથા .....................

........................ કાયદાના જડબંધન

**કૃતિ - ૧** ઉદાહરણ પ્રમાણે લખો. દા. ત. પહાડ-પર્વત

(૧) જંગલ - ( )   (૨) બિહામણું - ( )

(૩) સજા - ( )   (૪) ઉલ્લંઘન - ( )

(૫) કડક - ( )   (૬) રખે - ( )

**કૃતિ - ૨** કોને?

(૧) પહાડોમાં લઈ જઈ છોડી દેવાનાં - ________

(૨) મૃત્યુદંડની આકરી સજા થાય - ________

(૩) યુવાને અશ્રુભરી આંખે ખભે ઉપાડ્યા - ________

**કૃતિ - ૩** યોગ્ય વિકલ્પ પસંદ કરી વિધાન પૂર્ણ કરો.

(૧) કામ કરવા સક્ષમ ના રહે ત્યારે એમને ________

(અ) ઘરડાંઘરમાં મૂકી આવવા.

(બ) દૂરના પહાડોમાં મૂકી આવવા.

(ક) ગાઢ જંગલમાં મૂકી આવવા.

(૨) દેશમાં કોઈ વૃદ્ધ જ દેખાતા નહિ. કારણ કે ________

(અ) વૃદ્ધોને પહાડોમાં મૂકી આવતા.

(બ) વૃદ્ધો પોતે જ ગામ છોડીને જતાં રહેતાં.

(ક) બાળમરણ અને યુવાનોના મરણનું પ્રમાણ વધારે હતું.

(૩) વૃદ્ધ પિતાએ કૂણાંકૂણાં વૃક્ષોની ડાળખીઓ રસ્તામાં નાંખવા માંડી. કારણ કે ________

(અ) વૃક્ષોની ડાળખીઓ વચ્ચે આવતી હતી.

(બ) માત્ર મસ્તી કરવા ખાતર.

(ક) પાછા ફરતા દીકરો ભૂલો ન પડે.

### કૃતિ - ૪

નામ, સર્વનામ, વિશેષણ અને ક્રિયાપદમાં વર્ગીકરણ કરો.

જાપાન, સક્ષમ, એમને, દેખાવું, ભૂલવું, એણે, ભાવુક, કાયદો, મારો, વૃદ્ધ, વિચારવું, આંખ.

| નામ | સર્વનામ | વિશેષણ | ક્રિયાપદ |
|---|---|---|---|
| | | | |

### કૃતિ - ૫

કહો

(૧) આ લોકકથા છે તે દેશ ____________


(૨) વૃદ્ધ મા-બાપને પહાડોમાં મૂકી આવવાનો કાયદો કરનાર ____________

(૩) મા-બાપને પહાડોમાં મૂકી આવવા જવાબદાર ____________

(૪) પુત્ર ભાવુક હતો તો પિતા ____________

### કૃતિ - ૬


યોગ્ય રીતે જોડો :




**કૃતિ – ૭**

નમૂના પ્રમાણે શબ્દ બનાવો.

(અ) (૧) જડબંધન




(અ) (૧) મૃત્યુદંડ




**કૃતિ – ૮**

યોગ્ય રીતે જોડો.

| (અ) | (બ) |
|---|---|
| (૧) ભારે હૈયે | (અ) સખત સજા કરવી |
| (૨) સક્ષમ ન હોવું | (બ) અવગણના કરવી |
| (૩) ઉલ્લંઘન કરવું | (ક) સમર્થ ન હોવું |
| (૪) આકરી સજા કરવી | (ડ) દુઃખી હૃદયે |

**કૃતિ – ૯**

નીચેના વાક્યોને ક્રમ પ્રમાણે ગોઠવો.

(૧) જે લોકો કાયદાનું ઉલ્લંઘન કરે એમને મૃત્યુદંડ જેવી આકરી સજા.

(૨) બિહામણા જંગલમાં રખેને મારો દીકરો ભૂલો પડે તો?

(૩) બાપા એ કૂણાં વૃક્ષોની ડાળખીઓ રસ્તામાં નાખી.

(૪) ભારે હૈયે અને અશ્રુભરી આંખે એણે બાપને ખભે ઉપાડ્યા.

(૫) યુવાન પુત્રોની એ જવાબદારી.




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧ ૦૦૪.

साहित्यभारती, इयत्ता नववी (संयुक्त) गुजराती भाषा

₹ 38.00